# આદર્શ સાધુ

વર્ષ ૨ જું

ક્રમાંક ૮

પૃષ્ઠ સંખ્યા ૧૦૮

નકલ ૭૫૦

સને ૧૯૨૯

સં० ૧૯૮૫

મૂલ્ય ૦-૪-૦

માર્ગ વ્યય જુદું

2॥૮

શ્રી જૈન સસ્તું સાહિત્યપ્રચારક કાર્યાલય

ક્રમાંક ૯

# આદર્શ સાધુ

લેખકઃ

રા. બંસી

પ્રકાશકઃ

શ્રી જૈન સસ્તું સાહિત્યપ્રચારક
કાર્યાલય-કલોલ.

મુદ્રણસ્થાનઃ આદિત્ય મુદ્રણાલય રાયખડઃ અમદાવાદ
મુદ્રકઃ ગજાનન વિશ્વનાથ પાઠક.

શ્રી વિજય નેમિ...
શાસન સમ્રાટ...
ક્રમાંક: 017675
સ્થાન: 15203
શેઠ હઠીસિંહની વાડી, ...

...ીલચંદ્રસૂરિ ...

# નિવેદન !

**વા૦ મો૦ શાહ** અને કવીશ્રી **ન્હાનાલાલની** દ્રષ્ટિથી આલેખાયેલું આ શાબ્દિક ચિત્ર '**શ્રીબંસી**' ની લેખીનીની પ્રસાદિ છે અને કાર્યાલયના આઠમા ક્રમાંકથી બ્હાર પડે છે.

ભાઈ બંસીએ લખેલું પ્રથમ પુસ્તક 'આદર્શ જૈન' અમોએ બ્હાર પાડેલું ત્યારે તેનો ટૂંક સમય-માંજ જલ્દી ઉઠાવ થશે તેવું અમોએ સ્વપ્ને પણ ધારેલું નહિ પણ અમો આજ જોઇએ છીએ કે હાલનો યુવક સમાજ પોતાના સાહિત્યનું પુનર્વિધાન કરવા અતિ આતુર થઇ રહ્યો છે. 'આદર્શ જૈન'નું વાંચન 'યુવક વર્ગે' જ મુખ્યત્વે કર્યું છે.

ભાઇ બંસીએ આ પુસ્તક લખી સમાજ અને અમારા ઉપર એક મોટો ઉપકાર કર્યો છે તેમ સાહિત્ય સેવામાં પોતાનો સુંદર ફાળો નોંધાવ્યો છે. અમે જરૂર ઇચ્છીએ છીએ કે ભાઇ બંસી પ્રતિદિન આવાં અપૂર્વ પુસ્તકો બ્હાર પાડી શિથિલ સમાજને ચેતનવંત બનાવે. અને સમાજમાં જે નિષ્ક્રીયતા પ્રવર્તિ રહી છે તેને દૂર કરી પ્રગતિમય વાતાવરણ બનાવી કર્તવ્યક્ષેત્રમાં આગળ ધપાવે.

હવે પછી ભાઇ સુશીલે લખેલું 'અર્પણ' પુસ્તક છપાશે. દિલગીરી સાથે જણાવવું પડે છે કે કાર્યાલયના બીજા વર્ષના માત્ર **સોળ** મેમ્બર થયા છે. સાહિત્ય સેવા કરવાનો જેનો મુખ્ય સિદ્ધાંત છે તેને વારંવાર નાણાંની અપીલ કરવી પડે તે તો સાહિત્ય રસિક સજ્જનો માટે તો ઘૃણાસ્પદ કહેવાય. આ વિષયમાં આટલો ઇસારો માત્ર બસ છે.

વૈજ્ઞાનિકને લગતાં પુસ્તકો લખી મોકલવાં લેખકોને વિનંતિ છે.

શ્રી કેળવણી વિદ્યોત્તેજક ફંડ ખોલેલું છે તેમાં દાનવીર મહાશયો પોતાનો ઉદાર હસ્ત કયારે લંબાવશે ?

દરેક જૈન માત્રની ફરજ એ છે કેઃ

૧ આ કાર્યાલયના મેમ્બર બનવું.

૨ પ્રસંગોચિત આ કાર્યાલયને મદદ કરવી.

૩ કાર્યાલયનું સાહિત્ય ખરીદ કરી વાંચવું.

અંતે આ કાર્યાલયની પ્રગતિ પ્રતિદિન વધો અને સમાજમાં સાહિત્ય પ્રેમ પ્રગટો તેવી પરમકૃપાળુ પરમાત્મા કને પ્રાર્થના કરી અમે અત્રે વિરમીએ છીએ.

કાર્યાલય ઑફિસ
કલોલ તા. ૨૫-૪-૨૯

**શ્રી જૈન સસ્તું સાહિત્ય-પ્રચારક કાર્યાલય.**

# નજર ફેંકશો ?

| | |
|---|---|
| જ્ઞાન ભંડાર ... ... | ૧–૮–૦ |
| સુદાસીની ... ... | ૦–૩–૦ |
| હૈમવતિ ... ... ... | ૦–૩–૦ |
| ઇંદુમતી ... ... ... | ૦–૩–૦ |
| સ્વર્ગ જયંતિ ... ... | ૧–૮–૦ |
| વૈરાગ્ય શતક ઉત્તરાર્દ્ધ, પુર્વાર્દ્ધ | ૫–૦–૦ |
| સામાયિક સૂત્ર સંવાદ સહિત | ૦–૧–½ |
| આદર્શ જૈન ... ... | ૦–૪–૦ |
| મહાવીર જીવનરેખા ... | ૦–૩–૦ |
| આદર્શ સાધુ ... ... | ૦–૪–૦ |

માર્ગ વ્યય જુદું

લખો:

**મંગળજી હરજીવન ચીતળીઆ**

જૈન બુકસેલર **માંગરોલ—કાઠીઆવાડ.**

---

**અમદાવાદમાં** પુસ્તકો મળવાનું અને શુદ્ધતાથી પ્રુફ સુધરાવવાનું ખાત્રી લાયક સ્થળ:—

**વાડીલાલ કાકુભાઇ સંઘવી**

સારંગપુર તળીયાની પોળ

**અ મ દા વા દ**

## જુજ નકલો સીલીકમાં છે:

| | | |
|---|---|---|
| ૧ | આદર્શ જૈન | ૦-૪-૦ |
| ૨ | મહાવીર જીવનરેખા | ૦-૩-૦ |
| ૩ | આદર્શ સાધુ | ૦-૪-૦ |

લખો:—

૧ શ્રી જૈનસસ્તું સાહિત્ય પ્રચારક કાર્યાલય
કલોલ

૨ મંગલજી હરજીવન ચીતલીયા, જૈન બુકસેલર
માંગરોલ-કાઠીઆવાડ

# એક અભિપ્રાય.

બીજા મંતવ્યોમાં ચાહે તેટલા મતભેદો હોવા છતાં જૈનોના ત્રણે ફિરકાઓ જેમાં એક વ્યાસ પીઠ પર ઉભા રહી શકે છે તેવાં સાહિત્યનું સંશોધન પૂર્વક પ્રકાશનકાર્ય કલોલનું જૈન સસ્તું સાહિત્ય-પ્રચારક કાર્યાલય આજે કરી રહ્યું છે તે સર્વથા અને સર્વદા ઉત્તેજનને યોગ્ય છે.

માવજી દામજી શાહ
મુંબાઈ—ઘાટકોપર

# પ્રસ્તાવના.

# અમૃત પ્યાલી

જીવનના પૃષ્ટે પૃષ્ટમાંથી આત્મસૌંદર્યનાં શીતળ રસભર્યાં ઝરણાંઓ વહાવતાં એ પ્રાચીનકાળનાં મધુર ઋષિમુનિઓ, અબધૂતો, યોગીઓ ને સાધુસંતો આજે ક્યાં છે ? ક્યાં ગયા એ ગુલાબી યૌવનથી ચકોચક ભરેલા 'બ્રહ્મચર્ય'ની સાક્ષાત્ મૂર્તિ શા સુંદર દેવાંશી ચ્હેરાઓ ! આર્યાવર્ત્તની એ અમોલી સંપત્તી રીસાઈને શું ચાલી જ ગઈ ? અહા ! એ હસતાં ફુલફુલો શું આ બગીચામાંથી ઉડી જ ગયા ? કોઇ કહેશે ? ક્યાં ચાલી ગઇ એ બધી ભવ્ય ભાવનાભરી તેજસ્વી માનવમૂર્તિઓ !

ખરેખર, એ ચેતનમૂર્તિઓ આજે અલોપ થઈ છેઃ દૂર, દૂર........અતિ દૂર, કાળના ગર્ભમાં વિલીન થઈ છે. સાપ ગયા ને રહ્યા માત્ર લીસોટા.

હજારો હૃદયને હચમચાવે એવા પ્રતાપી વ્યક્તિત્વની–સાધુતાની કલ્પના ય કરતાં આજે કંપ ચડે છેઃ કોઇ તેજસ્વી આત્માનાં નૂરની ઝાંખી કરતાં બુદ્ધિ ' બીચારી ' ઠરી જાય છે. કોઇ કાલ્પનિક પ્રબળ પ્રકૃતિના સાધુ–પુરૂષની આત્મશક્તિઓને ઉછાળા મારતી જોઇ ચક્ષુઓ, હર્ષને બદલે શરમની મારી નીચી કાં નમી જાય છે ? કારણુ ? આજની ભૂમિ પોચી છેઃ ભાવનાને બીમારી ચોંટી છે. 'આદર્શો'એ આંખ ગુમાવી છે, ચારિત્રમાં મોટા 'ભગંદરો' પડયાં છે. વિચારોમાં વિકૃતતા ઉતરી છે, ' સેવા ' માં સ્વાર્થનો ભોરીંગ પેઠો છે. પરોપકારમાં પાખંડી દૈત્યે થાણા જમાવ્યા છે. અને આચારમાં મોટું શૂન્ય ૦ ચીતરાયું છે ! બીચારી કલ્પના કાંપે નહિ તો શું કરે ? બુદ્ધિને થાક ન ચડે તો બીજું થાય શું ? અને દૃષ્ટિને કયો પ્રકાશ દોરવા સમર્થ હોય !

ગયું....ગયું...એ નૂર ગયું...એ ચમકારા કરતી કાંતિ ચાલી ગઈ....કોમળતા ગઈ.... કઠોરતા રહી...વજતા ગઈ જડતા રહી...

ચૈતન્ય ગયું...જડ ખોખું....મૂડદું પડી રહ્યું. સાપ ગયો....લીસોટા રહ્યાઃ આત્મા ગયો.... પુદ્ગલ પડી રહ્યુંઃ ભાવના ઉડી ગઇ,....ભાટાઇ ખીલતી રહી, આદર્શો આથમી ગયા ને દીક્ષાનાં આંધળીયા રહ્યાં...રે સાધુતા ગઇ....અને શઠતા, સાધુતાને નામે રૂવાબથી વિચરવા લાગી; શાસ્ત્રો ને સ્મૃતિઓ લોહી ઝરતાં શસ્ત્રો રૂપે વપરાવા લાગ્યા, ત્યાગ ગયો વેશ રહ્યો. સ્વામિભક્તિ ગઇ, બનાવટ આવી. અંતરની સુવાસ ગઈ, ઉપરથી 'પ્લાસ્ટર' કરવાની ચાલાકી ઉતરી, આત્મશાંતિ–સ્થિર શાંતિને સ્થળે સ્મશાન શાંતિ જન્મી, યોદ્ધાની યુદ્ધ કૌશલ્યતાને સ્થાને ખૂનીની નબળાઇ ઉભરાવા લાગી ! પરમસિદ્ધિનાં પુરૂષાર્થો પાતરાનાં મીષ્ટાનોથી પીગળી ગયાં, સમ્યક્ત્વની વાતો વેરાગી રામોનાં વેપારની એક વસ્તુ બની, ધર્મ .... નાં સંગીતમાં બગલા વૃત્તિએ વાસ કર્યો, સાધનાનાં ગગનવિહારી વિચારો પોથીઓની જંજીરોમાં જકડાયા. 'સિદ્ધ' ને સદાય મૃત્યું પછીનો જ પ્રદર્શનની ચીજ તરીકે જોવા જેવી

ચીજ મનાઇ, આ જીવન સ્વર્ગ કે જીવન-મુક્તની કલ્પનાય અભડાવતી લાગી અને આધ્યાત્મિક દશા, એટલે બાળકનાં જેટલી સરળતા, નિર્દોષતા, નિખાલસતા ને સ્વ સ્વ-રૂપમા 'રમણ' કરવાની દશા તરીકે ન સ્વી-કારતાં કેવળ રોતલ-રડતી સુરતોને 'આધ્યા-મિક પ્રતિમાઓ' તરીકે પૂજા કરવાની ઘેલછા રે....મૂર્ખાઈ જન્મી....સાધુતાની ફૂલવાડી કરમાઇ ગઈ.

આ દશા શું અસહ્ય નથી ?

જગત આખાને પોતાનું....અને પોતાથી ભરેલું માનનારા એ સાધુસંતજનો આજે પોતપોતાનાં અલગ વાડા રચીને તેમાં ગોંધાઈ રહ્યા છે. પંથ અને ગચ્છોની ગટરમાં —એ ગટરોની હરનિશ ચાલુ સ્મૃતિમાં પોતાના આત્મ તેજ હણતાં રહ્યા છેઃ અને સંસારને કે સંસારી વાસનાઓને 'રામ રામ' કરી છૂટેલા એ અલખરામો-મુનિવરો બીચારા દિવ્યતા'નાં ચોગાનમાં આવી વસવાને બદલે પ્રાયઃ તુચ્છતાની ગલી કુંચીઓમાં કંગાલ

નાચ કરતાં જોવાય છે. મિથ્યાભિમાનના ઉકરડાંઓ ખોદવા પાછળ કુકડાંઓ ચોંટી પડયાં છેઃ 'ઉર્ધ્વ ગમન'ની પ્રતિજ્ઞા લઈને સંસારથી દૂર પડેલા, આજે બહુ જ શાંતિપૂર્વક અધોગમનનાં અખતરાઓ આદરી બેઠાં છે. કેવળ ઉપર ઉપરની ક્રિયાઓ કે સપાટીપરની દોડા દોડીમાં 'અંદર'નાં ઉંડાણને સ્પર્શ ન થઈ જાય તેની સંપૂર્ણ કાળજી સાથે જીવન અને જીવનનાં સુંદર તત્વોનો નાશ કરી રહ્યાં છે. આજનાં સાધુઓ—કહેવાતા સાધુઓમાંથી સેંકડે ૯૯ ટકાની આજ દશા !

શાંતિનાં હિમઝરણાંઓ તેમની તામસિક પ્રકૃતિની આગળ આગળ ટકી શકતાં નથી. એટલે અશાંતિનાં દાવાનળ નીચે તેમણે સદાય શેકાવું જ રહ્યું. ગમે તે વાસના કે લાગણીઓ આવી તેમને ગમે ત્યારે વીંધી શકે તેથી સાધુતાને તેમનાં હાથે વિંધાવું જ રહ્યુંઃ સંસારીઓ પોતાનાં વ્યવહારથી વિરામ લઇ શાંતિ લેવા એ મૃગજળ શા દેખાતાં આંબાઓની છાંયા નીચે જાય ત્યાં તો બાવળીયાઓનાં કાંટા

ભોંકાય ને વધારે સંતાપે: કંચન અને કામી-
નીઓનાં કહેવાતાં ત્યાગી પાંચ મીનીટનાં એકાં-
તમાં એકાદ યુવતીનાં કટાક્ષથી ઘાયલ થઇ
જાય ! કંચન અને પરિગ્રહ ત્યાગનો Show
ખાનગી સ્થળોમાં સંઘરાયલાં કપડાં કામળનાં
ભરેલાં પટારા, પોથાંનાં ઢગલાંઓને જમે બાજુ
ચીતરાયલી મોટી મોટી રકમો છૂપાવવા મિથ્યા
પ્રયત્ન કરે ! 'સમભાવ'માં રહેવાની ઘોર પ્રતિજ્ઞા
પણ સ્હેજ ટીકાથી આકાશ પાતાળ ફોડી નાંખ-
વાની ગર્જના કરે. ક્ષમાં એનાં જીવનમાંથી
ચાલી ગઇ છે. કારણકે ઉદારતાનો દુષ્કાળ
પ્રવર્તે છે: 'અંદર'નાં તેમ જ બહારનાં બન્ને
પ્રકારનાં કલેશો વચ્ચે તે સડે છે જેથી તેનાં
જીવનમાંથી આશ્ચર્ય તત્વ લગભગ આલોપ
થયું છે:

પુસ્તકો પુસ્તકો ને પુસ્તકોમાંથી જ
જ્ઞાન મળે અને પુસ્તક–પોથાં સિવાય જ્ઞાન
નહિ, આવા વિચારની બાલ્યાવસ્થામાં એને
'જીવન' નામનાં પુસ્તકને વાંચવાની બહુ
ઓછી પરવા છે. ચારિત્રનાં 'હરફ' વગર

પુસ્તકને પ્રારંભ થઈ શકે નહિ કે માનવતા વિકસી શકે નહિ, એ વાત તેને આજે મંજુર નથી, અને કદીય પોતાની બાહ્ય પ્રવૃત્તિને થંભાવી, ઘડી ભર થંભાવી પોતાની પ્રવૃત્તિની યોગ્યાયોગ્યતાનું નિરિક્ષણ કરવા તેને 'આત્મ મઢુલી'માં પેસી વિચાર સરખો કરવાનો વિવેક નથી સૂજતો........રે.......આ સાધુતા........ ક્યાં મ્હારી એ કાલ્પનિક સાધુતા ને ક્યાં આ ?.......રે........કલ્પનાના સાધુ......દૂર રહેજે આના સ્પર્શથી......!

વિશ્વનો વિશાળ વાયરો છોડી સાધુઓ-ત્યાગીઓ-અલખો કે કહેવાતા અબધૂતો પણ કુવાનાં દેડકાં જેવી મનોવૃત્તિ ધરાવે, મીઠાશને બદલે ઝેરનાં ફૂવારા ઉડાડે, શાંતિને બદલે અશાંતિનાં આંદોલનો 'પોતા' માંથી ઉપજાવે અને ન તો પોતાનું સાધી શકે કે જગતને 'સાધુતા'નાં માર્ગે વળવાની પ્રેરણા કરી શકે તો તે સાધુ જીવન, એ મિથ્યા જીવન છે. અ-સાધુતાનું આબાદ લક્ષણ છે. જડ પૂતળાંઓ-નો 'ઑટોમેટીક' નાચ છેઃ જગતને ઠગવા સારૂ

ભરાયલો એ ' બહુરૂપી 'નો બજાર છેઃ પ્રપં-
ચીલાલોની ચોકખી પોપલીલા છે.

સાધુજીવન તો વંદનીય હોય, સ્વાભાવિક
જ્યાં વંદનાની અંતરથી વિધી થતી હોય ત્યાં જ
સાચુ સાધુ જીવન છે. ત્યાં ન હોય વેર ઝેર,
કલેશ કે ઝઘડાં, ન હોય કદાપી બાલીશતા-
ભર્યાં તોફાનો ને વિસંવાદી જીવનની કિલષ્ટ-
તાઓ ! એનો સ્વભાવ હિમાળો....ખાવું હિમાળો
પીવું હિમાળો, ને આદર્શ હિમાળો....ધ્યેય
પરમ શાંતિ !

ત્યારે શું, ખૂબ વિનય ને માનભેર જૈન-
સમાજનાં સાધુઓને પૂછી શકાય....કે ' આપ
કયાં છો ? ' દુનિયાનાં દરેક સંપ્રદાય કરતાં
જૈન સાધુઓનું જીવન હજું ઘણું ઉંચી કક્ષા-
એથી જીવાતું મનાય છે. તો આપ ખરેખર
માનો છો કે....આ જીવન...જે રીતે આજે
જીવાઈ રહ્યું છે તે જીવન ઉંચી કક્ષાનું
જીવન છે....છે ?

જવાબ હકારમાં હોય તો, ખ્યાલમાં રહે....
આત્મવંચના એ મહાપાપ છે. જગતને છેતરી

શકાશે પણ અંતરાત્માને કદી જ ઠગવાનો વિચાર પણ ત્રાસજનક નીવડશે. અને ઉત્તર, 'નકાર' માં હોય તો...ઠીક....છે. કૃપાની રાહે પહેલી તકે બીજાં પોથાં પોથીઓની પાછળ મગજનો ખીચડો કરવા કરતાં, અને વાંચીને એકપણ સુંદર સ્થિતિ જીવનમાં ન ઉતારવા કરતાં, સાધુ જીવન ઉપર ચડી ગયેલાં વિકૃતિનાં થરો દૂર કરવા કેવળ 'સ્વ' નાં કલ્યાણ ખાતર અને તે દ્વારાજ 'પર'નું કલ્યાણ નીરખી કેવા 'આદર્શ સાધુ' નું જીવન દુનિયાને, આજની દુનિયાને કલ્યાણકર નીવડે, તે જાણવા પ્રયત્ન કરશો. પ્રયત્ન જ માત્ર નહિં પણ 'મથન' કરશો અને ત્યારે જ જણાઇ આવશે. સૂત્રોનાં ઉપર ઉપરનાં શબ્દો વાંચી, ગોખી મારી, પોપટની માફક પઢી જઈ, સાધુ લેબાસ અને ઉપર ઉપરની બહારની કેટલીક એકટીંગોમાંજ સમાપ્તિ માનનારા, જયારે સૂત્રોનાં ઉંડા અને અંદરનાં રહસ્ય-ભીતરનાં 'હરફો' ઉકેલે,શાસ્રો એ શ્રાવકો સામે કેવળ સંભળાવી દેવા પૂરતાં કે ઉપાશ્રયની

શોભા રૂપે ન રાખતાં જીવનમાં પચાવતાં શીખે અને તેમાંથી એક 'ચૈતન્યશક્તિ' જન્માવી અનેકમાં ચૈતન્ય પૂરે એજ આધ્યાત્મિક જીવનની સાચી ખુશબો–સફળતા ગણાય, અને ત્યારે જ સમજાશે કે ગુણ કરતાં 'સંખ્યા' માં 'વાહ વાહ' પોકારનારા મુનિઓ (!) પાંચ પચાસ બોકડાઓની જમાત ભેગી કરવામાં, ચોકખી અધ્યાત્મશાસ્ત્રની, માનસશાસ્ત્રની, અને માનવતાની હાંસી કરાવનારા ફારસીયા જ માત્ર છે! ત્યાં અધ્યાત્મનાં આંધળીયા જ માત્ર છે. અનધિકારી ચેષ્ટાઓ જ માત્ર છે! ધર્મ અને તત્ત્વજ્ઞાનને 'વાયડુ' બનાવનાર જીવતાં યંત્ર માત્ર છે!

આ વસ્તુ સ્થિતિ સાચું ઔષધ માગે છેઃ તે ધ્યાનમાં લઇ મારી મનોસૃષ્ટિમાં રચી રહેલાં એક આદર્શ સાધુનું આ ચિત્રામણ રજુ કરૂં છું! ચિત્ર કેવું ખીલ્યું છે, કે કેવું બન્યું છે તે કથવાનો અધિકાર મ્હારો નથી. વાંચકો, સાધુઓ, સન્યાસીઓ સમભાવમય

દૃષ્ટિથી વાંચે, રંગો, અને તેની પાછળનાં સૂક્ષ્મ રંગો ઉકેલવા પ્રયત્ન કરે, અંદરના ઝરણાંઓનાં જળ પોતાને પચી શકશે કે કેમ! પીવાથી ફાયદો કેટલો થશે અને આજનું જીવન પલટો માગે છે કે કેમ તે પર તટસ્થ રહીને પોતાની વિચારણા ચલાવે, નિશ્ચય કરે ને આચરે...એમ આશા રાખવામાં કાંઇ વધારે પડતું નથી.

હું તો ત્યાં સુધી ઈચ્છું છું કે...અભિમાનનો સૂર બાદ કરીને, કે નવા કે જૂના.... ઘરડા કે જુવાન દરેક સાધુ, ને સાધ્વી પોતાના નવા જીવનનાં–સાધુ જીવનનાં ઘડતર માટે સાધુતાની ગીતા રૂપે 'આદર્શ સાધુ' એક સૂત્ર રૂપે માની અપનાવે! પચાવે ને પોતે જ્વલંત જ્યોતિ રૂપે બની રહે! અસ્તુ.

આ પુસ્તક લખવામાં પ્રભુ શ્રીમહાવીર, સ્વામી રામતીર્થ, મહાત્મા ગાંધી, મુનિશ્રી શાંતિવિજયજી (આબુ) તથા જે કૃષ્ણમૂર્તિનાં ચ્હેરાંઓ, શક્તિઓ, ભાવનાઓ, સિદ્ધાંતો, સાધક દશા ને સાહિત્યમાંથી મળેલી પ્રેરણા

મ્હને સહાયરૂપ નીવડી છે, જેમાંથી જેટલાં જેટલાં સુંદર તત્ત્વો લાગ્યાં છે તે તે વીણી લઇ એક 'આદર્શમૂર્તિ'–આ દુનિયામાં વસતી સાધુ જીવનની જીવંત પ્રતિમા આલેખવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

મ્હારા 'આદર્શ જૈન' પુસ્તકનાં પ્રાગટ્ય પછી નિત્ય નવી નવી વ્યક્તિઓ તરફથી ચાલ્યાં આવતાં પ્રોત્સાહનો વાંચ્યા પછી મ્હારા મનોમંદિરમાં જે પ્રતાપી 'આદર્શ સાધુ' ની આકૃતિ ખડી થઇ, તેજ આ આદર્શ સાધુઃ સંભવિત છે કે આકૃતિને શબ્દ રૂપે ઉતારતાં કેટલાંક રંગો રેલાયા હશે, છતાંય 'આદર્શ સાધુ' નું રેખાદર્શન કરવામાં વાંચકોને થોડો ઘણો પણ સંતોષ થશે તો પણ હું પોતાને ધન્ય માનીશ.

આ પુસ્તકની શૈલી 'આદર્શ જૈન' જેવીજ છે. જે શૈલી મેં સકારણ સ્વીકારેલી છે. વાકયો કાપવાનો હેતુ એકજ કે વાંચનાર પ્રત્યેક પદે થોડો વિરામ લઇ તેનાં પર આસ્તે આસ્તે વિચાર કરી શકે, દરેક લાઇને જરૂર પડતાં

સ્થાને ચોક્કસ શબ્દો ભારપૂર્વક વાંચી વસ્તુનું મૂળ પારખતાં શીખે:

આ હેતુ ‘ આદર્શ જૈન ’માં પાર પડતો હોય એમ કેટલાંય વાંચકો પાસેથી સાંભળ્યું છે. તેથી આ પુસ્તકમાં પણ તેને જ અનુસરવાનું ઠીક લાગ્યું:

ઈચ્છું છું કે આ ‘ અમૃત પ્યાલી ’નો મર્મ સમજવા મ્હારા પ્રિય વાંચકો પ્રયત્ન કરે.... અને જીવન શાંતિ વહે. ૐ

લેખક

# આદર્શ સાધુ

# શું વાંચશો ?

## લેખક : શ્રી. બસીનાં બીજાં પુસ્તકો :

**આદર્શ જૈન** : (૧) (ત્રીજી આવૃત્તિ) છપાય છે.
જૈન સમાજની વર્તમાન મૂડદાલ સ્થિતિમાં સાચા જૈનનું તેજસ્વી સ્વરૂપ દર્શાવતું એક અનુપમ પુસ્તક: કિંમત ૪ આના.

**આત્મવીરની કથાઓ** : (૨) (બીજી આવૃત્તિ)
જૈનોનાં જૂનાં કથાભંડારમાંથી વિણેલી ૨૪ રસિક કથાઓ. કિંમત ૪ આના.

**જૈનોનાં મહાન રત્નો** : (બીજી આવૃત્તિ) છપાય છે.
જૈનત્વનાં પાણીથી ઝળકી રહેલાં ત્રણ કોહીનૂરોનાં ચરિત્રો : કિંમત ૧ રૂ.

## હવે પછી છપાશે !

**જૈન શાસનનાં તારાઓ** : (મંડલ પહેલું)
વર્તમાન જૈન સાધુ સમાજમાં પ્રસિદ્ધ આચાર્ય ને મુનિરાજોનાં તેજ ને છાયા આલેખતાં સાચાં રેખા ચરિત્રો : કિંમત હવે પછી.

**ચૈતન્ય જ્યોત** : સમાજનાં બળબળતા પ્રશ્નો પર તદ્દન સ્વતંત્ર ને નવીન આલોચના : કિંમત હવે પછી.

# આદર્શ સાધુ

સિદ્ધિ : સિદ્ધિ !
પરમ શાંતિ ને સિદ્ધિની શોધમાં
જીવનની તેજસ્વી મશાલ લઇ
આત્મા ને પરમાત્માનો યોગ સાધવા નીકળેલા
સાધુ !
દુનિયાની ઋદ્ધિને છોડી
પરલોકની સિદ્ધિને સાધવા ચાહતા, પ્રિય સાધુ :
વંદન હો, વંદન હો !

* * *

સાધક ! પરંતુ......
જરા પાછું વળીને 'ધર્મલાભ'ના સંગીત
સંભળાવોને !
જરા 'ઇધર ભી' નજર નાંખી
તમારા જીવનની તેજસ્વી જ્યોત જોવાદોને !
ચાલ્યા જશો ના !

ચીતરી લઉં છું, હો!

*   *   *

પૃથ્વી પરનું અમૃતબિંદુ
તેજ આદર્શ સાધુ:

*   *   *

ચીતરૂં છું હો!..........
રે..........અય મધુર દર્શન!
પણ,.......આદર્શ સાધુવર!
આપની આવી
રમણીય આકૃતિને કેમ ચીતરી શકાશે?
"ચીતર! ચીતર! ગરજ હોય તો—"
'ચીતર જલદી' કહો છો,
પણ મારાથી આ બેહદ રમ્ય, 'ને
કળામય ચિત્ર નથી ચીતરાતું:
ચીતરનારી પીંછીએ એવી
પ્રખર તાલીમ નથી લીધી,
રંગોભર્યા આ હૃદયભાવે
સુંદર તપશ્ચર્યા હજુ નથી કરી;
આ પીંછી ને રંગો બધાંજ અધૂરાં છે:
જોયેલું ને અણજોયેલું,

કલ્પેલું કે અણકલ્પેલું,
કાંઇજ આમાં ઉતરતું નથી;
પીંછી ને રંગ-પ્યાલીઓ દૂર દૂર
હાય ! પોકારીને ઉડી જાય છે !
પણ....ભાગ્યવંતી થાવાને
ઉમળકાભેર પાછી ઉતરી આવે છે :
આદર્શ સાધુના અદ્ભૂત રંગોની મિલાવટ
આ પીંછીથી થશે ખરી ? બોલો-બોલો જી !
આ તમારા સૌમ્ય ને શીતળ દર્શનની-
રસિક સમાધિમાં
મારી પીંછીય પોઢી જાય છે ! ........
આ પવિત્રતાની આદર્શ રેખાઓ
ચીતરવાને તે કમતાકાતી પોકારે છે :
છતાં...." ઉભા રહેજો ! સાધુવર,
    જરા ચીતરવા દ્યો આ અદ્ભૂત સ્વરૂપ ! "
આ રૂપને ચીતરી
    કલમને ય રૂપવંતી થવા દેજો !
ચીતરું છું હું, હલશો ના હો !

* * *

સાધવા નીકળ્યો છે તે સાધુ;

*           *           *

સંસારનાં ક્ષેત્રે

સંસ્કારી વાતાવરણ જમાવી

સાધનાના શિખર પર
વેગવંતી ચાલે ચડી રહ્યો છે તે સાધુ:
પરમ તત્ત્વની શોધમાં
આત્માના પૂર વૈભવથી દોડી રહ્યો છે તે સાધુ:
સાધનાનું અંતિમ ફળ તે 'સિધ્ધ,'
એવા સિદ્ધ 'થવા' મથનારો તે સાધુ:
જગતની બધીય તુચ્છ જંજાળો છોડી
'સાધવું' એજ જેનું પ્રિય સૂત્ર તે સાધુ!

*           *           *

સાધુ એટલે શાંત ચિત્તનો સાધકઃ—

સિદ્ધને સાધવા જંખે તે સાધુ,
સિદ્ધિઓને વરવા મથનારો તે સાધુઃ
જીવનની પ્રત્યેક પળને
'અડોલ ધ્યાન'માં રોકી
નિર્વાણની નિગૂઢ સમસ્યાઓ ઉકેલે;

વિશ્વના સર્વ તત્ત્વોનું શિરોમણિ
મોક્ષનો જે ઉગ્ર ઉપાસક બને;
અને સાધનાના મંદિરનો જૂનો જોગી થઇ
આત્મયોગની ધૂણી ધખાવે,
તે આદર્શ સાધુ:

* * *

આત્મદર્શન જેનાં જીવનની જંખના હો!
મુક્તિ–સ્વાતંત્ર્યમંદિર છેલ્લો વિસામો હો!
આત્મ'ઝરા'માં જેનું નિશદિન રમણ હો
તેજ આદર્શ સાધુ:

* * *

'સાધુત્વ' એ આત્માની 'ઉચ્ચ' દશા છે:
જીવનની એ 'ઉડણ પાવડી' છે,
અનેક વર્ષોના પુણ્યના યોગે
સાંપડેલી એ પવિત્ર પરિસ્થિતિ છે:
મનના વ્યાપારોની એ મોંઘી કમાણી છે.
દિલની ભાવનાઓનો આબાદ પડઘો છે:
આત્માના અમૃતનો એ 'વહેતો ઝરો' છે,

પ્રગતિ પામતા માનવનું મહા નિશાન છે,
સાધુત્વ એ જીંદગીની
ઝળહળતી એક રોશની છે.
આગ, આગ ને આગ પીધા પછી
શાંતિનું એ એકજ હીમ ઝરણું છે:
મસ્તરામોનો મધુર ટહુકાર, ને
અલખ યોગીઓનું એજ સુંદર ગાન છે,
ઉન્નત ભાવનાશાળીનું સ્વાદિષ્ટ ભોજન
એ કેવળ 'આદર્શ સાધુતા' છે :
આત્માની પરમ દશાએ
'સાધુત્વ'ના વાઘા વિચારપૂર્વક પહેરાય,
આત્માની મનોહર સ્થિતિએજ
'સાધુત્વ'ના ચમકારા જોવાય !

* * *

## 'સાધુત્વ' એ ખાંડાની ધાર છે;

ખાંડાની ધારથી ન 'વિંધાઈ' શકે;
એજ 'સાધુત્વ'ને દીપાવી શકે છે:
જીવનને નવદીક્ષા આપનારો એ ગુલાબી રંગ છે;
ભાવનાને ધાર આપનારી સુંદર શરાણ છે :

જીવનને ગુલાબી રંગ ન આપે તે
'સાધુતા' એ શબ્દોની પોકળ 'લીલા' જ છે !
ભાવનાઓને ઉન્નત ન બનાવે તો
શબ્દશાસ્ત્રીઓના માત્ર દંભી ખેલ છે !
મનુષ્યની માનવતાને ખીલવનારી
એ કાશ્મીરની હરીયાળી ભૂમિ છે,
આત્મસૌંદર્યનાં પિપાસુ 'લાલો'નો
એ જ મનોહર સુગંધી બગીચો છે.
ત્યાગનાં ચક્રવર્તીઓનું એ ઉંચું સિંહાસન છે,
ઇંદ્રોના ઐશ્વર્યને પણ શરમાવે
તેવું ભવ્યને રૂપાળું આજીવન સ્વર્ગ છે:
એ 'આદર્શ સાધુત્વ' જ
જગતને પૂજનીય ગણાય.

* * *

**ન**જર પડે ત્યાં
આંખ ઠરી જાય,
એવું અમી જેનાં અંગે અંગમાં હોય,
સાધુનો ચ્હેરો
એવો નિર્મળ ને રસિક હોય
કે તેને સદા પીધાં જ કરીએ !

એવું વિરલ સૌંદર્ય ત્યાં લહેરીયા લ્યે
કે ફરીફરીને જોવાનું દિલ થાય,
એવી રસભરી મધુરતા ટપકે
કે એની રેખાએ રેખા ફરી ફરી વાંચીએ:
ચ્હેરાની રમ્યતા જ
જોનારને હર્ષના આંસુ પડાવે:
મુખ પર મંદમંદ હાસ્યની
સ્વચ્છ ને નિખાલસ સુરખી ઝળકી રહે!
જોનારને જડી દે તેવું
મોહક સ્વરૂપ ત્યાં બેઠું હોય!
ચ્હેરામાં નરમાશ ને મૃદુતા સિવાય
બીજું કાંઈ જ ન હોય,
પ્રેમનાં તેજ સિવાય ત્યાં
એક પણ ભાવનું દર્શન ન થાય:
સુંદર વ્યક્તિત્વની છાપ
એ તેના ચ્હેરાનું લક્ષણ હોય;
તેના પ્રતાપી ચ્હેરા પર
એટલી જ ભવ્યતા ને સાદાઈ હોય
એ ચ્હેરામાં પ્રભુનો ઠંડો સ્પર્શ હોય:
હસમુખો ચ્હેરો ને કુમળા ભાવો

જોનાર પર જાદુ કરે,
ભલમનસાઇ ને ભોળી ઉદારતાની
ઘેરી છાયાએ ત્યાં પડી હોય;
એવો કોઇ મધુરો મ્હેરો,
સ્વાભાવિક જ સૌને શીતળતા આપે;
એની પવિત્ર છાયા નીચે બેસતાં
આંબાના જેવી ઠંડક મળે,
દિલનાં ઉકળાટો, આપણાં શમી જાય,
સંસારના સંતાપ–દુઃખડાંઓ ભૂલી જવાય,
અને જીવનનો થાક દૂર થઇ
મુંઝવણો વિસારી અખંડ તૃપ્તિ અનુભવાય !
તેજ પરમ સિદ્ધિના માર્ગે દોડતો
વિજયના ડંકા વગાડનારો આદર્શ સાધુ :

* * *

એની આંખમાં અગમ્યવાદનું તેજ છે,
અનેકરંગી રમણીય ચિત્રો ભર્યાં છે:
મીઠી કલ્પનાનું ત્યાં સૌંદર્ય છે, ને
ભાવનાની જ્યોતિ ઝગમગે છે;
બ્રહ્મચર્યનું પાણી ઉછાળા મારે છે,

નિશ્ચયબળના તેજસ્વી કિરણો ફૂટે છે;
સાધુતાના સૌમ્ય ને શીતળ ફૂવારાઓ ઉડે છે
ભલમનસાઇ દર્શાવતા ભવાંઓજ
જીવનનો અડધો ઇતિહાસ બોલે છે.
સ્વાભિમાનની અમીરી
એનાં ઓષ્ઠ પર શાંતિથી બેઠી છે;
એવી શાંત પ્રભાવયુક્ત મુખમુદ્રા જોતાં જ
કાવ્યમય લાગણીનો પ્રવાહ છૂટે છે
ને પાછળ પાછળ સૌ ભમ્યા કરે
એવું 'કૈંક' અદ્ભુત જેનામાં ભર્યું છે
તે આદર્શ સાધુ !

* * *

**સોનું** રૂપું હીરા માણેક ને પત્થરો
જેના નિસ્પૃહી ને નિર્મોહી આત્માને
બધાં સરખાં જ ટુકડાસમ ભાસે,
રૂપસુંદરી કે કુબ્જાઓ, બન્ને
તેને મન એકજ કાષ્ટની પુતળી લાગે !

* * *

કંચન અને કામિનીના ત્યાગી,

લોભ કે મોહનાં શસ્ત્રોથી વિંધાય નહિ,
સમ્રાટના સમ્રાટ, ને
ચક્રવર્તીઓનાં ચક્રવર્તી;
એવી વિપુલ આત્મસમૃદ્ધિના
ખજાનાંના સ્વતંત્ર માલિક તે આદર્શ સાધુ:

* * *

સંસાર છોડીને સન્યાસના વસ્ત્રો સજે છે,

નવદીક્ષાના દહાડે મસ્તક–વાળનાં લોચ કરે છે;
ફરીને 'પોતાને' કહે છે;–
"અરિહંતની ઉપાસના વગર
ને સિદ્ધની સાધના સિવાય
કે નીતિના પંથને ઝળકાવ્યા સિવાય
મારે મસ્તકે કોઇ કામ જ નથી"
સાધનાના પથિકનો એ પહેલો ધર્મ છે:
સંસારને છોડતાં તે
સંસારની વાસનાઓને પણ તિલાંજલિ દે છે:
દુનિયાના દંભી દેખાવો, ને

જગતની ઝેરી જંજાળો તે છોડે છે:
ને?
ને 'करेमिभंते' નું પરમ 'પચ્ચખ્ખાણ' લે છે,
એટલે જીવનભર 'સામાયિક'માં-
'સમભાવ'માં જ રહેવાની ઘોર પ્રતિજ્ઞા કરે છે:
એ ભીષણ પ્રતિજ્ઞાનું
પળે પળે 'જયણા' પૂર્વક જતન કરી
ક્ષણે ક્ષણે મન, વચન ને કાયાથી
આત્મવિકાસમાં એક એક ડગલું આગળ ભરે છે
તે આદર્શ સાધુ:

* * *

જીવન આખું ય જેનું
સંપૂર્ણ 'સામાયિક' મય છે;
તે પ્રતિપળે પોતાના સામાયિકની ક્રિયામાંથી-
'સમતા' ની શક્તિ મેળવે,
ક્રોધ પર કાબુ મેળવવાની કળા જાણે,
સ્વ-પરના કલ્યાણની ખોજ કરે,
માનસિક ને વાચિક દોષો હણે,
શૂન્યતામાંથી ચૈતન્યતામાં 'ધસતો' જાય,

સાત્ત્વિકતાની ચાંદનીનાં તેજ પીએ :
સ્વાતંત્ર્ય, શોભા ને સામર્થ્ય
freedom ( liberty of Soul )
Grace & spiritual Power
વધારે ને વધારે મેળવી સ્ફુરાવે:
આત્મ-સ્વરાજ્યનો સ્વાદ ચાખે,
એકાગ્રતાનું ‘ ધ્યાન ’ શીખે,
ક્ષમાનો વીર-મંત્ર પઢે,
અને આત્મબળ-Soul Force થી
પોતાની ગુપ્ત આત્મશક્તિને ખીલવી
મોક્ષનાં દર્શન કરવા રાતદિન ઝંખે :
સંપૂર્ણ સ્વાવલંબન સાધી
આત્મ સંશોધનનો માર્ગ પકડી
આત્મવિકાસ સાધવાને તલ્પી રહે;
એજ-સાચું ‘સામાયિક:
ને ‘ સામાયિકમય ’ આદર્શ સાધુ !

* * *

વૈરાગ્ય સજીને ‘નિર્માલ્ય’ કે રોતલ ન બનતાં

જે બહાદૂર ‘યોધો’ બન્યો છે,

મહોનગીના ખેલ ખેલીને
સતત ઉદ્યમના ફળ રૂપે જ મુક્તિને તે જુએ છેઃ
જેના અખંડ આત્મવિશ્વાસ દ્વારે
અનંત શક્તિઓ આવી સાંકળ ખખડાવે છે,
ને દુનિયાના ઉજળા ઇતિહાસમાં
અદૃશ્ય રીતે સુંદર ફાળો જે આપે છે
તે આદર્શ સાધુઃ

* * *

સપાટી પરની ક્રિયાઓ છોડી દઇ
‘અંદર’ના ગર્ભને વિદ્યુત્શક્તિથી જગાડે છે,
પોથીઓનાં ‘સ્થૂળ’ શબ્દો કરતાં
ભીતરનાં ‘હરફ’ ઉકેલવાની તકલીફ ઉઠાવે છેઃ
બહારની અસરોથી દૂર થઇ
‘અંદર’ની પ્રેરણાથી જ ક્રિયામાં ધકેલાય છે.
અને અનિશ્ચિતતામાંથી નીકળી જઇ
ચોક્કસ ‘ધ્યેય’ તરફ જીવનનું સુકાન વાળે છે જે
તે આદર્શ સાધુઃ

* * *

# 'આદર્શ સાધુ' ના જીવનનું 'ધ્યેય'

એકજ-અંતિમ એક મોક્ષ છે:
મુક્તિ એજ તેની સાચી દૌલત છે:

*　　*　　*

પંથ વાદ, ગચ્છ ને વાડાઓ.

કે તુચ્છતાના એ બધાં પ્રદર્શનોની
શૃંખલાંઓ ને દિવાલો તોડી જે
નિરંતર 'દિવ્ય' ને દિવ્યતાનાં જ
ખૂલ્લાં મેદાનમાં વિચરે છે,
તળેટીનાં 'લોક'માર્ગી-રસ્તાઓ છોડી
ચમકતા સ્વાતંત્ર્યગિરિ-
શત્રુંજય પર ચડવામાં જેને 'હ્હેજત' છે:
મોહ્હામણી 'જાળ'ના માછલાં ન બનતાં
ઉંચે આકાશમાં ઉડતા
પંખીની પાંખો જેણે મેળવી છે
તે આદર્શ સાધુ !

*　　*　　*

જગત એને શાંતિનો ફિરસ્તો કહે,
વિશ્વપ્રેમનો પયગામ એ પાઠવે,
આત્માના અવાજને નિર્બંધ વહેવા દે,
આત્મતત્ત્વનો સાચો પરિચારક હોય,
એવા સુંદર પુરૂષનું પ્રથમ દર્શન જ
એવું શાંત ને પાવનકારી લાગે,
કે ચિત્તનાં સળવળાટ શમી જાય,
મનને મીઠી સમાધિ પ્રાપ્ત થાય,
અને એ સુભાગી આત્માની સામે બેસી
આપણાં દોષોની નિખાલસભાવે કબુલાત કરી
'હળવા' થઇ જવાનાં સ્વભાવતઃ ઉમળકા આવે
તે આદર્શ સાધુ :

* * *

'ભરપુરતા' ની ભયંકર ભૂખ લાગી છે,
ને અપૂર્ણતાઓ હરનિશ જેને સાલે છે;
'ભરપુરતા' ને ભેટવા પૂરતી 'ફૂરસદ' મેળવે છે,
અને એ તાકાદવાળી આધ્યાત્મિક ફૂરસદમાંથી
આત્માને 'દિવ્યતા' ના દર્શન કરાવેઃ
કુદરતી જીવન ને કૃત્રિમ વચ્ચેનો ભેદ પારખે,
ને કશાયથી 'ભેદાયા' વગર

પોતાના 'ચોક્કસ લક્ષબિંદુ' તરફ
અદમ્ય ઉત્સાહે આગળ ધપે તે આદર્શ સાધુ !

*　　*　　*

પાપ-'પરિણામ' થી નહિ,
પણ જે પાપ'વૃત્તિ'માંથી મુક્તિ યાચે;
દોરંગી દુનિયાના શબ્દો કરતાં
'આત્માનાં અવાજને' માન આપી પૂજે;
પોતાના સબળ વિચારોમાંથી જ
'વાતાવરણ' ને 'યુગ' જે પ્રગટાવે,
પોતાના સરળ, શ્રદ્ધામય ને નિષ્પાપ જીવનથી જ
માનવ સમાજને જીંદગીનો સાચો મર્મ બતાવે:
હૃદયનાં પરિવર્તન કરાવે,
અને દીર્ઘ, સતત ને તીવ્ર મનોમંથનને પરિણામે
જગતનાં ચરણે જે કોઇ અલૌકિક
તત્વની ભેટ ધરે તે આદર્શ સાધુ :

*　　*　　*

'જીવન' એ જેનું પ્યારૂં પુસ્તક છે,
'ચારિત્ર' તેનાં પુસ્તકનો પહેલો હરફ છે:
મોક્ષ એ જેની કિતાબનો 'સંપૂર્ણ' અંત છે:
ને માનવતા જ બસ ! જીવનની લિપિ છે:

શુભ્ર ગુલાબી રતાશ
એ એનાં આત્માનો મોહક રંગ છે,
એવા રંગીલા આત્માને પુનઃ પુનઃ પઠયા કરવું,
એજ જેની પવિત્ર ગીતા છે તે આદર્શ સાધુઃ

*　　　*　　　*

બુલબુલ પક્ષીના જેવું
આનંદ હાસ્ય જેને વર્યું છે,
વાતાવરણને ખુશબોદાર બનાવી દે,
એવા પુષ્પ જીવનનાં જ્યાં પરિમળ છે,
સ્નેહ, સત્ય ને સૌંદર્ય
આનંદમાંથી સજોડે સ્ફુરાવે છે,
ઉંચો, ને ભવ્ય આનંદ ભોગવતા આવડે છે.
ચ્હેરો સદા હસતો ને મીઠાશભર્યો હોય,
ત્યાંથી વ્યગ્રતાનાં પાપ નાસે છેઃ
પુણ્યશાળીની મુદ્રા પર તે,
નિર્દોષ હાસ્ય હીંચકા લ્યે,
એક એક હીંચકા પરથી તે
સિદ્ધિના વાયરાને વધારે સ્પર્શ કરે !
હસવું ને હસાવવું એ જેની પવિત્ર ફરજ,
એવા સ્વયં જે આનંદ સ્વરૂપ હોય,

આનંદ આનંદ ને આનંદ
એજ જેનું ખાદ્ય ને પીણું હોય,
એ તાજા ખુશનુમા ચ્હેરામાંથી
આનંદનો જ એક સંદેશ સંભળાય,
આત્માનંદની લહરીઓ ત્યાંથી સ્ફુરે,
અનેકના અંતરને પાવન કરે,
અને મનુષ્યના ‘ નિજાનંદ ’ ને પ્રગટાવવા
જેનું આનંદ સ્વરૂપ ‘ પ્રેરણા ’ કર્યા કરે,
તે આદર્શ સાધુ !

* * *

જે વ્યક્તિ ક્ષમાની જીવંત મૂર્તિ હોય,

એના હ્રદયમાંથી ક્રોધનો અંશ પણ ન પ્રગટે,
ચોપાસથી શાંતિ ને સરળતા ટપકે !
શાંતિ એવી શીતળ
ગંભીર ને નિઃસ્તબ્ધ હોય,
છતાં અમુક સ્ત્રી પ્રબળ ને ઉદાર હોય,
સરળતાની ધાર, એવી
બીલોરી કાચ જેવી સ્પષ્ટ હોય,
છતાં વજ્રના જેવી તોડી તોડાય નહિં;

એવી સરળતાથી ક્ષમાના મંત્રો ભણી,
જગતની આત્મભ્રાંતિનો રોગ હરનાર
મહાન ધનવંતરી જે બને,
ને જેની દ્વારા જગતને
આત્માની શોધ કરવાની ભૂખ જાગે,
તે આદર્શ સાધુ !

* * *

જેની પાસે કેવળ ચેતનભરી શાંતિનો પયગામ, અને આત્મ શાંતિનાં પાન કરીને–કરાવવાની અભિલાષા તે આદર્શ સાધુ !

* * *

જે वज्रादपि कठोराणि, मृदूनि कुसुमादपि
વજ્રથી ય કઠણ ને કુસુમથી ય કોમળ હોય,
ક્યાં વજ્રતા દાખવવી, ને
ક્યાં કોમળતાના મેઘ વરસાવવા–
એ 'સમાજ' નો કળાધર હોય તે આદર્શ સાધુ!

* * *

બહારના તેમજ 'અંદર'ના ક્લેશ માત્ર પર
જય મેળવવાની જેની પ્રબળ ઇચ્છા છે,
'જયમાર્ગ' શોધવાની સંપૂર્ણ જિજ્ઞાસા છે,
જીવન પ્રવાહના અવલોકનમાંથી
દિવ્ય ડહાપણ તારવી લેવાની ચતુરાઈ છે;
અને જે સાધનાને અર્પણ કરી ચૂકેલા–
પોતાના ગુણદોષ જોવાની લગનીમાં
જે પોતાની પર ક્રુર થઈ છાતી મજબૂત રાખે,
'પ્રતિષ્ઠા' ના હાઉથી ન ડરે, ને
'પોતા'માંથી અશક્તિનાં ગુમડાંઓ ખોળીને,
તેનાં પર ક્રૂરતાથી ઓપરેશન
કરવાની સખ્તાઈ ધરાવે છે તે આદર્શ સાધુ !

* * *

'આદર્શ સાધુ 'નું જીવન
અનેક ભવ્ય રહસ્યોથી ભરપુર છે;
એનામાં ( Romantic elevents )
અદ્ભૂત તત્ત્વોનો મહાન સંગ્રહ છે.
એનું પ્રતાપી આત્મસૌંદર્ય અજેય છે,
પ્રાણમાં Higher consciousnessને સ્થાપે છે,

ઉચ્ચ ભાવના, ઉચ્ચ સ્વભાવ ને ઉત્તમ ગ્રાહકશક્તિ
એના આધ્યાત્મિક કૌશલ્યનો સરવાળો છે:

* * *

**એ**ના લોહીમાં તેજનાં તંદુરસ્ત તત્વો હોય,

તાજી જુવાનીનું જોશ ઝબકારા કરે,
કર્તવ્યધર્મની ભવ્ય ઉગ્રતા
એનાં સૌમ્ય ચ્હેરા નીચે ફફળતી હોય:
ધમાલ કરતાં એને શાંતિ વ્હાલી,
આગના સૂસવાટ કરતાં 'હિમ' પ્યારાં છે,
શાન્તિ કરતાં તેને ચૈતન્ય વ્હાલું છે,
'બદલો લેવા' કરતાં પ્રેમ પ્યારો છે:
શાંતિ, ચૈતન્ય ને પ્રેમનાં એ પહાડ પર
ચારિત્રનો વાવટો ફરકાવે છે,
મુક્તિ–મોક્ષના વિષમ માર્ગ પર
'અચળ' શ્રદ્ધા એનો આત્મપ્રિય સહચારી છે.
સ્વાવલંબન જેનો શ્વાસ છે,
ને વિજ્ઞાનીની માફક
પોતાના વિચારો, ભાવનાઓ ને કૃત્યોની–
નિર્મળતાનું પૃથક્કરણ પળેપળે કરે છે:

અંતરનો નાદ ઓળખી લઇ
આત્મનિરીક્ષણ કરતાં કરતાં
આત્મદર્શનના પ્રયત્નમાં જ જેનું
ચલનવલન બધું એકજ
આત્મ-જ્ઞાન દૃષ્ટિએ થાય છે તે આદર્શ સાધુ:

* * *

**જેવી જેની 'અંદર'ની તેવીજ બહારની**
**દુનિયા, તે આદર્શ સાધુ !**

* * *

'**અં**તર' નો બગીચો ખીલવ્યા વગર-

અંદરની પૂર્ણતા પામ્યા સિવાય
અગર એ પૂર્ણતાને પંથે પડયા વગર-
બહારના બાવળીયાંઓમાં જે
"દોડા દોડી" કરી ઉપદેશ માર્ગે ભોંકાતો નથી,
પોતાનામાં 'સ્વાતંત્ર્ય' પ્રગટાવ્યા વિના
પોતાના ગુલામ જીવનનાં વિચારોની
'ગુલામી' માં જગજીવોને સપડાવી
આવેલ માર્ગે દોરવાના પાપથી
સદાય મુકત રહે છે તે આદર્શ સાધુ !

* * *

જે અંતરથી—અંદરથી સાધુ બન્યો છે,

સાધુવેશ કરતાં સાધુ હૃદયને મહદ્ સ્થાન આપે,
સાધુતાના 'ગુમાન' કરતાં જેને
સાધુતાની ભવ્યતા ને પવિત્રતાનાં
વિમળ વિચારો જ મનમાં ઉભરાય.
ઉપર ઉપરની 'એકટીંગો' છોડી
તત્ત્વને સમજવા પ્રયત્નશીલ રહે,
ભૌતિક સુખ માટે શકિતઓ ન ખર્ચતાં
પારલૌકિક સુખ માટે જ વાપરે;
સાધુતાને 'આદર્શ'નો રંગ આપે
છતાં પોતે 'આદશ સાધુ' હોવાનું ભૂલે,
ને "લોકો વચ્ચે પોતે પૂજ્યપાત્ર છે"
એ વિચારોની ગેરહાજરી જ્યાં: તે આદર્શ સાધુ !

* * *

જગત આખું નિદ્રામાં ઘોરતું હોય
ત્યારે જે સંપૂર્ણ જાગૃત છે,
વિશ્વની મોહાંધ આંખો
'ઠગાઇ' ને પાછાં પગલાં કરતી હોય,
ત્યારે 'વ્યાપક' ભાન ને ઉંડા જ્ઞાનથી

જે ઉંચે ને ઉંચે ચડતો હોય;
કીર્તિ કે જાહેરાતની પરવા વગર
શાંતિથી પોતાનો જીવનધર્મ બજાવે,
સનાતન સત્યના કલ્યાણ માર્ગ તરફ
ગુપ્ત રીતે પ્રસ્થાન કરતો હોય,
જીવનની નિકટમાં જઈને
આત્મશુદ્ધિનાં પેટમાં પેસી
અહર્નિશ પોતાને પ્રચંડ અવાજે પ્રશ્ન કરે:
“હું કોણ ? કયાંથી આવ્યો ? કયા જવાનો ?
કયાં જવા ચાહે છે ? આજે ‘હું’ કયાં છે ?
હું મારા માર્ગ પર છું કે ભૂલ્યો છું ?
જીવન એટલે શું ? જગતમાં મારૂં કાર્ય શું?
મારા જીવનને શું છાજે ? હું કયાં છું ?”
આવા પ્રશ્નો પૂછી અંતરમાં ઉંડી દૃષ્ટિ ફેંકી
‘અંદર’ના સ્વચ્છ નિર્મળ ને પવિત્ર
વહેતા નીરમાં ‘આનંદમસ્ત’ થઇ
ગેલ કરે તે આદર્શ સાધુ:

* * *

પંડિત દશામાંથી પાછા ફરી
જે (Seeker) શોધકની દશા સ્વીકારે છે.

સંપૂર્ણ ભાનપૂર્વક દરેક ક્રિયાનું પેટ જોઈને
સર્વે 'કાર્ય–કારણ' ભાવપૂર્વક તપાસે છેઃ
સ્વાધ્યાય (Schooling) નો કાળ પૂરો કરી
ઉપદેશના માર્ગે વળે છે,
પોતાના જીવનવૃક્ષમાં અમૃત સિંચ્યા વગર,
જગતનો ઉદ્ધાર કરવા જવામાં,
પોતાનો 'આત્મઘાત' થતો સમજે !
તેથી પોતાના જીવનનાં ઝેરોને કાપી
પછીજ બીજાને ઉજ્વલ પંથે પ્રેરે.
જગતનાં કલ્યાણની ધૂન પહેલાં,
પોતાનાં કલ્યાણનો માર્ગ નક્કી કરે.
ને બોલેલા શબ્દોની સ્વાભાવિકતા
પવિત્ર ને અમરતાનો અભ્યાસ કરી
લોકસમૂહને કળાપૂર્વક
કલ્યાણમાર્ગે દોરી જાય છે તે આદર્શ સાધુ:

* * *

જેનાં આવાસ પ્રાયઃ ખુલ્લાં સ્થળોમાં
પહાડી હવામાં, પહાડોમાં એકાંતમાં હોય.
પહાડોનાં પ્રભુતાભર્યા સ્વતંત્ર વાયરાની

મીઠાશ ને તાજગી પીઇને
જેનો આત્મા પહાડી બને,
દિવ્યતાના દુકાળવાળા શહેરોને છોડી,
ઝેરી વાતાવરણની દિવાલોને કૂદી દૂર જાય:
અને એકાંતમાં, ગામડામાં, જંગલોમાં
પહાડો ને ગુફાઓ સેવવામાં
પોતાનું આત્મકલ્યાણ સમજે તે આદર્શ સાધુ!

* * *

મૌન સૃષ્ટિમાંથી શાંતિના ને સંયમના
બળવાન આંદોલનો મેળવે તે આદર્શ સાધુ!

* * *

આદર્શ સાધુ બોલે થોડું,
પણ બોલે ત્યારે એવું સરસ ને ભાવભર્યું
કે સાંભળનારનાં જીવનને ઝંકાર કરે!
બેઘડી ઠરી જવાનું ત્યાં દિલ થાય.
જાણે મધુબિંદુઓ ટપકે છે, પીઇ લઈએ!
જીભની બેહદ મીઠાશે
લોઢાના સ્તંભો પણ ઓગળી જાય!
શબ્દો એને મન જંજાળ છે:
જીવન તેનું દષ્ટિમાં આવી કેન્દ્રસ્થ થાય,

ને આત્માની અકથ્ય ભાષા આંખે ઉચ્ચારે !
છતાં શબ્દો બોલાય ત્યાં,
અનેક વાકયોને એક લીટીમાં સમાવે,
એકેક શબ્દને તોળી તોળીને
હૃદયગુફામાં એકાંત ચિંતનથી શુદ્ધ કરી બહાર પાડે,
વિચારો સીધા, સ્પષ્ટ ને સાવ સાદા શબ્દોમાં ઉતરે,
તાજા, તંદુરસ્ત, ને સ્વતંત્ર હોય !
જગતનાં મહાપટ પર રમ્ય ઉપવનો સરજે.
ચોમેર અજબ ફળદ્રુપતા સંચરે.
ને વનવગડામાં એનાં વિચારથી
લીલીછમ કુંજો રચાય.
તેનો સૌમ્ય, શાંત છતાં વીર્યવાન
આત્માનો અવાજ
વિજળીના ચમકારા શો સોંસરો પ્રવેશી,
આપણાં અંતરમાં પલ્ટો કરી
જીવનને ગુલાબી રંગવા સમર્થ બને,
તે આદર્શ સાધુ !

* * *

**વચનમાં મધુ, ને અધરમાં સુધા**
**તે આદર્શ સાધુઃ**

* * *

દુઃખ માત્રની સામે 'ચૅલેંજ' ફેંકવાની
જેનામાં ચકોચક 'મસ્તી' ભરી છે.
દુઃખનો વિનાશ દુઃખને ભેટવાજમાં જ જૂએ છે.
ઉપસર્ગો માત્રની સામે છાતી કાઢીને ચાલવાનું
તંદુરસ્ત ખૂન જેનામાં ખળખળ વહી રહ્યું છે,
'પ્રગતિ'નાજ જ–ઉડવાના પ્રોગ્રામો રચે છેઃ
નિરાશાના મુડદાંને પગ નીચે દાબી
ચોમેરથી દૈવી પ્રેરણાના સંદેશા ઝીલે છે.
અને જેનાં હૃદય તારો સદા
આત્મસૌંદર્યને ભેટવા ઝણઝણી રહ્યાં છે.
તે આદર્શ સાધુઃ

* * *

સંકટોથી જે ન્હાસતો નથી,
પણ સંકટોને 'શોધતો' ફરે છેઃ
માનસિક શક્તિના ઘસારાથી
સંકટો પર આધિપત્ય સ્થાપે છેઃ
જગતનાં વિષને ખૂબ શાંતિપૂર્વક પી જઇ
હસતાં ચ્હેરે અમૃતનીજ વૃષ્ટિ કરે છે,
शठं प्रति सत्यम् નો મુદ્રાલેખ લઈ

કાદવ ફેંકનાર પર ફૂલો પાથરે છે :
ગાળો દેનારને આશીર્વાદ આપે છે,
અને આ બધી જીવનકળાથી
અપકારનો બદલો ઉપકારથી વાળી
'છલોછલતા'નું દર્શન કરાવે તે આદર્શ સાધુ !

* * *

**મા**થે બૉમ્બગોળાની ઝડી વરસાવી હોય,
ચોમેર પ્રલયકાળની આંધી શાં તોફાનો આવતા
 દેખાય,
તેજોલેશ્યા ફેંકનારા 'ગોશાળાઓ' ના
 ટોળાં ધૂરકતાં હોય,
છતાંય અખંડ શાંતિ,
સંપૂર્ણ આત્મવિશ્વાસ ને સહનશીલતા,
અનંત વીર્ય ને મસ્તરામની બેપરવાઈથી
સ્વાભાવિક સર્વે પર સ્વામિત્વ જમાવી લ્યે !
ઉલટું પોતાના ચારિત્ર ને વ્યકિતત્વથી જ
સકળ વિશ્વને આંજી નાંખી
પોતાના રચેલા ખાસ 'બગીચા'માં
સોળે કળાએ જે તપી રહે તે આદર્શ સાધુ !

* * *

જે ગૃહસ્થોના ભૂષણો,
તેમાં પોતાના દૂષણો સમજે !
દુનિયાના પચરંગી એશઆરામો
ને આરામની એ ભાવનામાં
જીવનની 'પીછેહટ' માની પાછો ફરે.
સમસ્ત જીવન, મન, વચન ને કાયા
કેવળ સાધના માટે જ ખરચે.
રાગદ્વેષ કે મોહ માયાની જાળો
દુનિયા પર દૂર ફેંકી દઈ
આનંદના ધબકારાથી પોતાનું તેજસ્વી વીર્ય
આત્માની શોધમાં–સિદ્ધિમાં વેરે–સિંચે !
તે આદર્શ સાધુ:

* * *

શિયાળો કે ઉન્હાળો
જેને કદાપી થથરાવી શકે નહિ,
'સંયમ'નો ઓવરકોટ' પહેર્યા પછી
જગતની કોઈ શકિત તેને તસુભર હલાવી શકે નહિ;
આવો આત્મવિશ્વાસ ધરાવી
જે નમાલી કોમળતામાંથી નીકળી

યોદ્ધાની 'સખ્તાઇ' સજતાં શીખ્યો છે.
જડનું 'હઠીયલપણું' ફેંકી
ચેતનની સ્ફૂર્તિ પામ્યો છેઃ
શાસ્ત્રોનાં સ્થૂળ પાના સદાય ફેરવવા કરતાં
જે અંતરનાં સુક્ષ્મ પડો ઉકલે છે.
શાશ્વત આરામ, સાચું સુખ ને સત્ય પ્રકાશ
આંતર ગુહામાં જ શોધે છેઃ
અને 'જય'ની શોધવાળું જૈનત્વનું
વાતાવરણ પી જવા બહુ તલ્પે છે
તે આદર્શ સાધુ.

* * *

અસાધારણ સામર્થ્યનો જે ધણી
શીલ, શૌર્ય, સાહસ ને સેવા
આ ચારે દિશાઓમાં વિહાર આદરે છે,
'જીતનાર'નો ધર્મ શું? તે જાણવા યત્ન કરે,
તેજ ભણે, વિચારે ને મનન કરે,
મન અને બુદ્ધિનો, એકાકાર સાધી
સ્થૂળ બનાવોની પાછળ આંતરિક સૃષ્ટિ શોધે,
આધ્યાત્મિક ભૂમિકાઓના પોલાણમાં પેસી
નીચેની નક્કર ભૂમિની ખાતરી મેળવેઃ

એનાં ગુહ્ય રહસ્યો ઉકેલે,
ઉકેલતાં ઉકેલતાં 'વહેતા ઝરા'ની માફક
નવનવા દિવ્ય પ્રદેશમાં મુસાફરી આદરે,
વચમાં કોઈ વિસામાની દેરી પાસે
દાદાનું–પ્રભુતાનું છેલ્લું શીખર માની ન અટકે
આગળ ને આગળ પ્રયાણ કરે
ને નિરંતર 'વિહાર'–જેનું
'વિહાર'જ પ્રિય કાર્ય રહે તે આદર્શ સાધુ !

* * *

ચૌદ બ્રહ્માંડોને ડોલાવવાની શકિત
પોતામાં અવ્યકતપણે રહેલી નીરખે,
મનુષ્યત્વના વિધાનમાં જ
ધર્મનું વૃક્ષ વિકસતું ભાળે,
મનુષ્યત્વ જેમ જેમ ખીલે
તેમ તેમ ધર્મતત્ત્વનો ફેલાવો થાય;
ધર્માત્મા બને એટલે
બાહ્ય પ્રવૃત્તિ ક્રમશઃ ઓછી કરી
આંતર પ્રવૃત્તિનો વધારે વિસ્તાર કરે,
તે આદર્શ સાધુ !

* * *

સંસ્કૃતિઓનું સુંદર ને પવિત્ર મંદિર
તે આદર્શ સાધુ :

* * *

સાધુ ધર્મનાં પાંચ મહાવ્રતોઃ—
પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ,
અદત્તાદાન વિરમણ, મથુન વિરમણ,
અને પરિગ્રહ વિરમણનું જે સક્રિય વ્રત પાળે છે:

*

જીવન ધરાવતા પ્રત્યેક જીવને
જીવવાનો અધિકાર એ સ્વીકારે છે,
Live & Let live જીવો ને જીવાડો
તેનો નિરંતર પોકાર છે.
દરેક જીવનાં સુખ ને શાંતિ માટે
પોતે પણ મહા કષ્ટો ઉઠાવે છે,
અહિંસા કાજે મૃત્યુને પણ નોતરે છે.
કોઇ જીવ નાનો મોટો
એના હાથે હણાય નહિં—હણાવાય નહિં,
હણાતાંને બચાવવું એ તેનો ધર્મ !

* * *

સત્ય એનાં જીવનની તેજસ્વી પ્રભા છે,
મૃત્યુના છેલ્લા સમય સુધી
'સત્યાગ્રહ' એજ તેનો જીવનશ્વાસ છે.
અસત્યનાં પંથે પડતાં પહેલાં વિનાશ ઇચ્છે છે,
સત્ય સત્ય ને સત્ય
એ વિના મનુષ્યત્વ મેલું થાય,
અસત્યનાં ઓછાયે ય ઉભા રહેતાં
આત્માને આભડછેટ માની
પ્રાયશ્ચિત્ત કરવું એ તેનો બીજો ધર્મ:

* * *

સત્ય ને અસત્ય વચ્ચે, compromise
તડજોડ કરવી આદર્શ સાધુને પાલવે નહિં:

* * *

દીધાં વિનાના દાનને–વસ્તુને
'પોતાનું' કરી ઉપાડી લેવું—
એ તેની કલ્પનામાંય નથી,
આપે તો લ્યે, નહિંતર ભૂખ્યા રહે.
ત્યાગીને 'લેવા'નું ય શું મમત્વ હોય?
'દેવું, દેવું'–પોતાના સુગંધી જીવનની

ખુશબો સૌને દેવી;
એવી મનોદશાવાળાને
કદી સ્વપ્નેય પરાયું પડાવી લેવા
કે ચૂપકીથી ઉપાડી લેવાની વૃત્તિ ન હોય.
તે આદર્શ સાધુનો ત્રીજો ધર્મ :

* * *

જેનો Noble Soul પ્રખર આત્મા
સ્વભાવથી જ બ્રહ્મચર્યમાં રમી રહે,
મન વચન કાયાથી તેની ખૂબીઓ
સમજે ને જીવનને રંગે છે,
ઇંદ્રિયોને સંયમના ચંદરવા નીચે વશ રાખે છે,
પદમણીઓ પણ જેનાં બ્રહ્મચર્યથી
ચારિત્રનાં ચમકતાં તેજથી
ઝંખાઇને પાછી ફરે છે,
મોહસુંદરીનું ફાટફાટ થતું ઉછાળે ચડેલું જોબન
પણ જેનાં વીર્યને નમાવી શકવા અસમર્થ છેઃ
એવો પુરૂષ સાધુધર્મનાં મૂળથીજ
મૈથુનથી વિરામ લઇ લ્યે
તે આદર્શ સાધુનો ચોથો ધર્મ :

* * *

નિઃસ્પૃહતાની નમુનેદાર મૂર્તિને
કોઈ વસ્તુ પર સ્પૃહા ન હોય,
ત્યાં વસ્તુનો સંગ્રહ કે પરિગ્રહનો ભાર
એનો ઉડતો આત્મા સહી શકે નહિ,
અપરિગ્રહ વ્રત
જેના આત્માની અમીરાતનું દર્શન છે :
એ આદર્શ સાધુનો પાંચમો ધર્મ :

* * *

આ પાંચે વ્રતો તેનાં
પુણ્યશાળી આત્માની પાંખડીઓ સમા છેઃ

* * *

આત્મા ને પરમાત્માની એકતા,
એ તેના ભાવ સામાયિકનું ધ્યેય (Goal) :
થયેલી ભૂલો પુનઃ નહિ થવા પામે
એ તેનાં પ્રતિક્રમણનો પ્રત્યુત્તર :
મળેલાં સદ્જ્ઞાનમાં સૌના હિસ્સા માની
સરખે ભાગે જ્ઞાનની પરબો બાંધે,
ને સૌને વહેંચી આપે તે આદર્શ સાધુ.

* * *

નિર્ગ્રંથતાની નીડર પ્રતિમા
તે આદર્શ સાધુઃ

* * *

સમતા ને નીડરતા જેનો નવકારમંત્ર છેઃ

રાગદ્વેષ[1] ત્યાગી, સિદ્ધશીલાનો સિદ્ધ[2]
જ્ઞાન[3], દર્શન,[4] ચારિત્ર[5] તપ[6] ને

---

૧ અરિહંત ૨ સિદ્ધ

૩ આચાર્યના આચારો–
જ્ઞાનાચાર—જ્ઞાન ભણે ભણાવે, લખે લખાવે, જ્ઞાનભંડાર કરે કરાવે, ભણનારને સહાય કરે.

૪ દર્શનાચાર—શુદ્ધ સમ્યકત્વને પોતે પાળે, બીજાને પળાવે, અને સમ્યકત્વથી પડનારને ઝાલી, સમજાવી સ્થિર કરે.

૫ ચારિત્રાચાર—પોતે શુદ્ધ ચારિત્ર પાળે, બીજાને પળાવે અને પાળનારને અનુમોદે.

૬ તપાચાર—૭ બાહ્ય ને ૭ અભ્યંતર એમ બાર પ્રકારનો તપ પોતે કરે, કરાવે ને કરતાને અનુમોદન આપે.

**વીર્યાચારનું[૭] પાલન,**
**પંચેંદ્રિયના[૮] વિષયનો ત્યાગ,**
**નવ[૯] પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિનું ધારણ,**
**ચાર[૧૦] પ્રકારના કષાયોને તિલાંજલિ,**
**પાંચ[૧૧] મહાવ્રતોનું નિરંતર રક્ષણ**
**પાંચ[૧૨] સમિતિ ને ત્રણ[૧૩] ગુપ્તિનું પાલન,**

૭ **વીર્યાચાર**--ધર્માનુષ્ઠાન (ધર્મ ક્રિયા) કરવામાં છતી શક્તિ ગોપવે નહિ, તથા તમામ આચાર પાળવામાં વીર્ય શક્તિ સંપૂર્ણ રીતે ફેરવે તે.

૮ **પચેંદ્રિય**—જીભ, કાન, નાક, આંખ ને ચામડીનાં મનગમતા ઉપર રાગ ને અણગમતા પર દ્વેષ ભાવ.

૯ **નવવાડો**--શીયલ ધર્મથી સ્હેજ પણ ખંડિત ન થવા માટે બ્રહ્મચારીનાં ક્ષેત્ર આગળ બાંધેલી નવ વાડો. વિશેષ વિગત સારૂ સૂત્રો જોવા.

૧૦ **કષાઓ**--ક્રોધ, માન, માયા ને લોભ.

૧૧ **પાંચ મહાવ્રતો**--દેહ દંડ, જૂઠું બોલવું, ચોરી કરવી, મૈથુન સેવવું, ને પરિગ્રહનો સંગ્રહ : આ બધાથી વિરામ લેવો તે.

૧૨ **પાંચ સમિતિ**-ઇર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આદાન નિક્ષેપણા સમિતિ તથા પ્રારિષ્ઠાપનિકા સમિતિનું પાલન.

૧૩ **ત્રણ ગુપ્તિ**--મન ગુપ્તિ, વચન ગુપ્તિ ને કાય ગુપ્તિ વિસ્તારથી તે સમજવા સૂત્રો વાંચવા.

આ છત્રીશ ગુણોનું અનુમોદન સ્મરણ:
સિદ્ધાંત ભણીને ભણાવવા,[૧૪]
તથા સાધુ ધર્મનાં શુદ્ધ આચારો[૧૫] પાળવા:
આ મૂળ પાંચે તેનાં
નવકારમંત્રનાં મહાન્ પવિત્ર પદો છે:

* * *

એ પાંચે વસ્તુનો ટુંક સાર

नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्व साहुणं ॥

નિત્ય સ્મરણમાં રાખી,
એ શબ્દોનાં અંતરમાં રહેલી
પ્રખર શક્તિઓ તપાસી લઇ,
તપેલી દુનિયાને શાંત કરનારા
ને મૃત શા આત્માને સંજીવની આપનારા

૧૪ ઉપાધ્યાય ધર્મ.
૧૫ સાધુ ધર્મ ને તેના સત્તાવીશ ગુણો:

આ પાંચે પદોના સતત્ સ્મરણથી જ—
પદોને જીવનમાં ઉતારવાથી એ
સર્વે પાપ-દુઃખનો વિનાશ જુએ છે:
વિખવાદ કે વિષાદોથી
થાકયા પાકયા આત્માનો એજ
એક મંગળ કલ્યાણ મંત્ર છે.
એ સમજે તે આદર્શ સાધુ!

*   *   *

**અ**મુક શબ્દોમાં જ મુક્તિ છે,
ને આજ મંત્રાક્ષરોમાં મોક્ષ છે;
એવી 'સંકુચિત' ભાવના છોડી
માત્ર શબ્દોનાં 'ભાવ' પરથી તોલ કાઢે
તે આદર્શ સાધુ!

*   *   *

**અ**ધ્યાત્મનાં મોંઘા પદાર્થને
સ્પર્શ કરવાની લાયકાત
શબ્દોમાં નથી, પણ 'ભાવ'માં છે,
અક્ષરોમાં નથી, પણ અંતરમાં છે:
"અમુક શબ્દ કે સંપ્રદાયની છાપથી જ

મોક્ષનાં પરવાના મળી શકે છે–"
એ વાતનો જે ઇન્કાર ભણે છે
તે આદર્શ સાધુ:

* * *

જેનું ભણતર–બાહ્ય ને આંતર ભણતર
જીગરને 'તાલ' દેતું હોય,
દરેક ક્રિયા કે વિચારને
'જયણા' ના ચરવળાથી શુદ્ધ કરી
યોગ્ય સ્વરૂપમાં રજુ કરવાનાં મનોરથ હોય,
ને 'અધ્યાત્મ'ના હૃદયને પામવા
ભારેમાં ભારે મૂલ્ય ભરવા તયાર હોય,
તે આદર્શ સાધુ.

* * *

જેની આધ્યાત્મિક છાયામાંથી નીકળતો પ્રકાશ
સંસારના સુતેલા આત્માને
મધુર કંઠથી જગાડે, ચેતાવે,
વ્યવહારનાં વિષયોનો ઉતારી
આત્માના અમીરસ પાય,

સંસારીઓની શુષ્ક ભૂમિકામાં
રસનાં—મધુર જીવનનાં સિંચન કરે,
ને ચોપાસ અસીમ
શાંતિનું સામ્રાજ્ય સ્થાપે તે આદર્શ સાધુ !

* * *

આદર્શ સાધુનું શુદ્ધ
નૈતિક સિદ્ધાંત માટે ચાલે છે,
માનવતાને દૈવત્વ આપવા,
*આકાશ પાતાળ એ વિંધે છે :
પૃથ્વીપરથી ગગનમાર્ગે ઉડવા
'એરોપ્લેન'માં તે વિહરે છે,
સ્વચ્છ વિચારોની પરંપરા
તેનાં 'એરોપ્લેન'ની બે પાંખો છે :
સાદી સરળતા ને ઉન્નત ભાવના
એનાં વિમાનનાં બે એંજીન છે,
શ્રદ્ધા, રે અટલ શ્રદ્ધા તેનાં

*આકાશ: ઉંચે ઉડવું.
પાતાળ : ઉંડા ઉતરવું. સમુદ્રનાં મંથનમાંથી મોતી લાવવા તે:

એંજીનની તેજસ્વી 'સર્ચ લાઇટ' છેઃ
જ્ઞાનદૃષ્ટિ તેનાં માર્ગમાં
લીલા સીગ્નલોથી સ્વાગત કરી માર્ગ દર્શાવે છે,
આત્માની શક્તિ તેના એંજીનનાં
ધગધગતા કોલસા રૂપે છેઃ
'વહેતીયાણુ જળ' એ અગ્નિની
'સ્ટીમ'–વરાળ રૂપે આગળ ધપે છે,
'આનંદ' ને 'પ્રકાશ'
તેના જીવનનું ખાણું ને પીણું છેઃ
અગાધ મૌન ને વિચારોના
Vibrations મોજાંઓ તેનો 'વાયરલેસ' છે :
પવિત્રતા ને શુદ્ધ ક્ષાત્ર સ્વભાવનું તેજ
એનાં વિહારમાર્ગનાં પાટાઓ છે,
'સ્વાર્પણુ' તેની ગતિનું 'સ્ટેશન' છે,
'તૃપ્તિ'ની તરપણી તે તેની 'હેન્ડબેગ' છેઃ
જીવંત લોહીનો ધબકાર એ
તેનાં ચાલની સૌમ્ય સીસોટી છેઃ
'સંયમ'ની સંપૂર્ણ તાબેદારી
એ તેનો લાલ ધજાગરો છેઃ
આશાવાદની અખંડ પૂજા

એ 'આદર્શ સાધુ'નો પ્રગતિસૂચક વાયરો છે,
મધુરતાજ માત્ર જેનો 'ઉપાશ્રય' છે,
સમતા ને ત્યાગ તેની 'પોથીઓ' છેઃ
આત્માના અનંત સંસ્કારો
ને પ્રભુતાભરી પ્રેમની ભાષા,
આડંબર વગરનાં સ્પષ્ટ શબ્દો
ને મુંગી વાણીનાં મુંગા ઝંકારોઃ–
આ તેનાં પ્રિય સહચારીઓ છે.

* * *

જેનાં ચરણે સર્વસ્વ સમર્પવાનું
આત્માને સ્વાભાવિક ઘેન ચડે તે આદર્શ સાધુ!

* * *

જે નિઃસ્પૃહતા પર જનવૃંદો વંદન માંડે,
'સર્વવિરતિ–સર્વથા આત્મભોગ પર જયાં
'વારી' જવાની ઉર્મિઓ જાગે,
તે આદર્શ સાધુ

* * *

માનવસ્વભાવનો જે ઉંડો અભ્યાસી,
મનુષ્યના 'અંદરનાં રહસ્યને ઓળખી લ્યે–
તે આદર્શ સાધુ

* * *

'આદર્શ સાધુ'ના
સંસર્ગથી જીવનમાં તાજગી આવે,
એની 'અસર'ની પ્રબળતાનો અનુભવ થાય,
અતરમાં 'ગુપ્તશક્તિ'ના મોજાંઓ ઉછળતા લાગે,
ભીતરમાં પોઢેલી મહાશક્તિ જાગે,
વિગ્રહના વંટોળે ચડેલું મન શાંત પડે;
અને નિભર્યતાના પાયાઓ ધરબાય !

* * *

જેનાં શાંત મૌન આગળ
દુનિયાના ડુંગરાઓ પણ ડોલી શકે,
આંસુની પવિત્ર ધારામાં
શહેનશાહતોની શહેનશાતો જાય,
તણાઇને ફૂલ થઈ જાય,
એ અશ્રુની અંદર પણ
ક્ષમા ને પ્રેમ છેઃ
સૌજન્ય ને મોહકતા છેઃ
એનાં મૌનમાંય
પત્થરને ભેદવાની શક્તિ છે,
પાતાળને ફોડવાની પ્રચંડતા છે.
વજ્ર હૈયાને હલાવવાની પ્રખરતા છેઃ

છતાંય હેત ને દયાથી
દુઃખી જનો પર
માનસિક આંદોલનો દ્વારા પણ
મલમપટ્ટા કરવાની કોમળતા છે.
જ્યાં અનુકંપા ને આર્દ્રતા છેઃ
તે આદર્શ સાધુ !

* * *

સામાન્ય જનસમૂહના
ગુમાનને ગાળી નાંખે તેવું
કાંઈક તેનામાં 'કંઇક' ભર્યું છે, પણ
તે કથી શકાય નહિ તે આદર્શ સાધુ.

* * *

સજેલા શસ્ત્રને ઉતારી નાંખે
એવો જેના અંતરનાં ઉંડાણનો શબ્દ
તે આદર્શ સાધુ !

* * *

તત્ત્વજ્ઞાનની ઝીણામાં ઝીણી
બારીકીઓ શોધીને વિચારે, મનન કરે,
ને જીવનમાં પચાવવાની જે કુશળતા વરે,
સદાય equal ( Balanced ) સમતોલ રહી

શાંતિ ને ધીરજપૂર્વક જ્ઞાનને પચાવે,
વિચારોમાંથી નિરંતર બળ ને ચેતના પીએ,
ભાવનાઓમાંથી રસિકતા ને સંયમ મેળવે;
અને સરળતામાંથી ચારિત્ર ઘડી
ચારિત્રની રોશની વડે
જગતને અંધારામાંથી પ્રકાશમાં
અદૃશ્ય કે દૃશ્ય રીતે દોરી જાય;
તે આદર્શ સાધુ.

*  *  *

જેનો મૃદુ ને શીતળ
પુણ્યશાળી સ્પર્શ
આખા માણસના ‘ અંદર ’ ને બદલી નાંખે,
પાપીઓના દિલનાં દોષ હરી
શુદ્ધ ચારિત્રની સુવાસ ભરે;
પ્રેમનાં પડઘાથી વાતાવરણમાં
પ્રેમની જ પ્રતિમાઓ ઉભી કરે,
પ્રદેશે પ્રદેશને પ્રેમથી ભીંજવી દે,
જીવનરસથી ફળદ્રુપ કરે,
સુધાનું સિંચન કરી ‘ સુધાફળો ’ પકાવે;
અને જેમાં પાદસ્પર્શી જ

ક્લેશનાં કરુણ સ્થાનો પણ
સુખશાંતિનાં મનોહર ધામો બને-
તે આદર્શ સાધુ.

* * *

પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ મેળવી
એકાંતમાં આત્માને ખીલવે છે,
ભાવ સામાયિકમાં બરાબર 'સ્થિર' રહી
પોતાનું મોહકજીવન વધારે મોહભર્યું બનાવે છે:
પોતાની નિવૃત્તિને 'પ્રમાદ'માં વેચી ન નાંખતાં
એ 'પુરસદ'ને જીરવી જાણે છે,
પુરસદનો સદુપયોગ કરીને
તેમાંથી સુંદર બાળક-તેજસ્વી 'તત્ત્વ'ને
જન્મ આપે છે:
પુરસદ દ્વારા
સ્વ-સ્વરૂપમાં ધ્યાનમગ્ન બને છે;
વ્યવહાર માત્રનાં 'પાખંડો' પર
વિજય મેળવવાની કળા વરે છે;
ને એ કળાદ્વારા
'નિશ્ચયનય' ને જાણવાની
જેનામાં 'મસ્તી' જાગી છે તે આદર્શ સાધુ.

* * *

સત્યનો જે પરમ પૂજારી,
શૂરવીરોની અહિંસાનો ઉપાસક,
બ્રહ્મચારીઓનો બહાદૂર સરદાર,
નિષ્પરિગ્રહતાનો જીવંત આદર્શ !
બાળકના જેવી સુંદર સરળતા ધારે,
ને નિર્દોષ પ્રેમનો જાણે ફૂવારો,
ક્ષમાનું વિશાળ સરોવર
ને આદર્શોનો આદર્શ:
જેની પ્રત્યેક ક્રિયામાંથી
નિખાલસતા ને નિર્દોષતા
તરી આવે છે તે આદર્શ સાધુ.

* * *

'આદર્શ સાધુ 'એ
જીવનની ' બ્રેક ' મેળવી હોય,
તેનો ' ત્યાગ ' ઉન્નત પગથીયા પર ચડે,
ચડતાં ને દોડતાં રસ્તો ભૂલે તો 'બ્રેક' દાબે,
ને ' ભાનપૂર્વક ' પાછો ફરી–
' મિચ્છામિ દુક્કડં ' માગી
પુનઃ સાચા માર્ગે પ્રયાણ કરે તે આદર્શ સાધુ !

* * *

'આદર્શ સાધુ'ની આંખો
'શુભદર્શી' હોવાનો દાવો કરે છે.
પોતાનાં જીવનકર્તવ્ય સિવાય
બીજાનાં પાપો, દોષો જોવાની
જે બહુ ઓછી જ દરકાર રાખે છે:
એ પવિત્ર મૂર્તિ તે આદર્શ સાધુ.

* * *

વૃત્તિઓ માત્ર પર જેણે
જીત મેળવવાનો 'નિશ્ચય' કર્યો છે,
છતાં જે 'શેતલ સુરત' જેવો ન બનતાં
'હસતાં સિંહ' જેવો બની રહ્યો છે:
ભક્તિયોગનું વન વિંધી
કર્મયોગનાં બગીચાની સુગંધીઓ
સુંઘતો સુંઘતો જે
'જ્ઞાનયોગ'ના મેરુ પર 'ખુલ્લી આંખે'
છલંગો ભરી રહ્યો છે–
ભરવાના મનોરથો રચે છે;
તે આદર્શ સાધુ:

* * *

જેની અહિંસાભરી દૃષ્ટિ
જંગલમાંય મંગળ કરે,
ઝેરનાં અમૃત બનાવે,
‘ દુશ્મન ’નાં દોસ્ત ઘડી આપે;
ને વિષ ઝરતા ફણીધર શિરે
પ્રેમનો પાવક પ્રગટાવે:
તે આદર્શ સાધુ.

* * *

‘ત્યાગદેવ ’ નું જ જે મંદિર,
ને દેવ ને પૂજારી બન્ને પોતે જ હોય;
પ્રકૃતિ, વેશ, ભાવના ને જીવન
શબ્દો ને સર્વ પરમાણુઓમાંથી ત્યાગ ઝરે,
એ ત્યાગ ‘ અંદર ’ની ખદબદાટી
યા આત્મ જાગૃતિનું સ્વાભાવિક પરિણામ હોય,
છતાં ‘ હું ત્યાગી છું ’ એ
વિચાર માત્રથી જે દૂર હોય !
કેવળ ચહેરા પરથી જ
ત્યાગનો અનુપમ ઇતિહાસ વંચાય,
ને એ ઇતિહાસના અક્ષરો

પવિત્ર શક્તિની જેમ જોનારને ખેંચે !
આંખના ઇશારે હૃદયમાં
'ત્યાગ ભાવ 'નું સિંચન કરે,
સુક્કા આત્મામાં
રસિકતા ને સભરતા ભરે !
શબ્દોના આડંબર વગર
ચ્હેરાના સુંદર ભાવથી
બીજાનાં જીવનને સુંદર–ત્યાગી બનાવે;
અને જેની હાજરીમાં
જીવનનાં અભિમાન ને દંભ
આપોઆપ ગળી જાય તે આદર્શ સાધુ !

* * *

**આદર્શ સાધુ :**
**માટીમાંથી મહાદેવો બનાવે,**
**પત્થરોમાંથી પ્રભુને પ્રગટાવે;**
**મોતને મારવાની વિદ્યાઓ શીખવાડે,**
**વાસનામાત્રનો વિનાશ કરી**
**મોક્ષનો પંથ દેખાડે !**

* * *

જે અમીરદિલી આગળ
હૃદય, વંદના ઝૂકાવે,
જળલહરીઓ માફક સૌને
હર્ષનાં નૃત્ય કરાવે !
દયાપાત્ર નહિ પણ ઈર્ષાને પાત્ર બને છે,
ઈર્ષા કરનારને જે મીઠાશથી જ મારે છે,
આ 'માર' માંય મધુરતા છે,
ને ચાહનારમાં પ્રભુતા છે;
તે આદર્શ સાધુ :

*    *    *

પોતાની અંદરની અજ્ઞાનતાનું ભાન છે,
ને સત્ય તત્ત્વની ઝીણી પારખ છે;
પ્રતિપળે જે 'નવો' ઘડાતો જાય છે, ને
મહત્તાના વિચારોમાં ચકચૂર રહે છે,
તે આદર્શ સાધુ.

*    *    *

આશાનો અખૂટ ખજાનો છતાં
અતૃપ્તિનાં દૈત્યને જે ડારી શકે,

સિદ્ધિઓ વરવા સારૂ
કંટકોની પથારીમાંથી પણ
સ્વર્ગનાં સુખો કુશળતાથી વીણી શકે,
ત્રાસ પોકરાવે તેવી વિષમ સ્થિતિમાંય
જે પોતાનું 'સચ્ચિદાનંદ સ્વરૂપ'
અણિશુદ્ધ જાળવી શકે છે તે આદર્શ સાધુ !

* * *

ઉંચે ઉડવા પહેલાં
'ઉંડાણ'માં ઉતરે,
ભક્તો પાસેથી પૂજા કરાવવા કરતાં
'પ્રહાર'માં જ પોતાની પ્રગતિ નિરખે !
મમત્વના રાક્ષસને મારી
પુરૂષાર્થનાં વેગને ઉતાવળો બનાવે;
સમકિતના માર્ગે વળતાં
અનેક પ્રકારનાં વજ્રબંધી બખ્તરો
સજીને જે દોડી રહ્યો છે;
તે આદર્શ સાધુ.

* * *

પોતાની પ્રકૃતિના પાયામાંજ
વચનગુપ્તિની પૂરણી કરીને

જીવનનું મનોહર બીલ્ડીંગ રચ્યું છે:
તે આદર્શ સાધુ.

* * *

'આદર્શ સાધુ'ની માનવતામાંથી
તેજોમય ચપળતા ઝરી રહે છે,
સ્વતંત્રતા ને સ્વાભાવિકતાનું દર્શન લાધે છે,
કુદરતના સામાન્યમાં કુદરતી રીતે રહીને
મસ્તની માફક ખડખડાટ હસી શકે છે,
આનંદના ધકેલાથી ' જીવન ખેલો '
નિર્દોષ ભાવે ખેલે છે;
હર્ષની ખુમારીમાં નાચી રહેલા તેનાં ચક્ષુઓ
સરળતા ને મીઠાશની ઠંડક આપે છે,
આત્માની ઉન્નત સ્થિતિએ પહોંચતા જે
દરેક ચીજ, ભાવ, ભાવના ને કલ્પનામાંથી
'નિર્લેપ'પણે રસ લૂંટી શકે છે તે આદર્શ સાધુ:

સાધનાના પંથે દોડતાં જે
પોતાના 'સ્થાનક' પરથી ડોલતો નથી,
કે પોતાના દિવ્ય ઉદ્યાનની મજાઓ
લોકોનાં ત્રાજવે વેચતો નથી:

પોતાના ઉજ્વળ જ્ઞાનનો,
લોક Masses અને લોકમતના સ્મરણમાં
આંખુ કરી નીચે ગબડતું જોવા સાંખતો નથી
લોકો તરફની પ્રશંસામાં પડયા રહી
'સત્યજ્ઞાન' ને કદી છૂપાવતો નથી:
એ તો જીવનની પ્રત્યેક પળે,
પોતા અને પોતાની 'અંદર'ના અવાજ પ્રત્યે
સંપૂર્ણ વફાદારી બતાવવાનું ન ચૂકે;
તે આદર્શ સાધુ.

* * *

પોતાના જીવન કૃત્યોની 'પ્રમાણિક' નોંધ રાખી
ગ્રાહ્ય ને અગ્રાહ્ય તત્વોનો 'વિવેક' સમજે,
ભૂલોને 'ભૂલો' તરીકે 'સ્વીકારવાની સચ્ચાઇ ધરાવે,
ને અહર્નિશ સાધનાનો જીવનમંત્ર જપતાં
'પરાઇ' સહાય ને લૌકિક મોજમજાને
તિલાંજલિ દેવા તૈયાર રહે તે આદર્શ સાધુ:

* * *

જેની આધ્યાત્મિક બંસરીથી આકર્ષાઇ
ગમે તે ધર્મના-કહેવાતા 'નાસ્તિકો' પણ

પ્રેમભીની આંખે દર્શન ઝીલવા આવે,
પુણ્ય ને પાપની બેડીઓ ખખડાવવાને બદલે
જે સદા જીતવંતાનો ધર્મ શું—તે સમજાવે:
અને તેમાં જ પોતાના 'જય' યુક્ત જીવનનું
સાર્થક માને!

કોઈનીય પાસે પોતાના
પવિત્રતા ને સાધુતાના બ્યૂગલો ફૂંકવા કરતાં
પોતાના 'उत्कृष्ट मंगल' માર્ગમાં
આનંદની ડૂબકીઓ વડે પ્રમાણિક જીવનજીવે,
જીવીને આપોઆપ સુગંધી તેમાંથી ફેલાય;
એવા ખરેખરા જે હૃદય માર્ગી 'સાધુ'
બન્યા છે
તે આદર્શ સાધુ!

* * *

કેળાભૂખ્યા આત્માને જેનાં જીવનતીરે બેસી
બીજબાની ઉડાવવાનો અવસર મળે,
કૃત્રિમતાની ભૂતાવળમાં ભૂલેલાં
સંસારના સંતાપે દાઝેલા ને બળેલાઓને
જે 'લીલોતરી' પાસે આવી

'હાશ' કહીને વિરામ કરવાનું મન થઇ આવે!
એ જંગમતીર્થનાં દર્શને જવાની
સ્વાભાવિક મનમાં ઉત્કટ ઈચ્છા જાગે,
માનવ હૃદયનાં ઉંચા મનોરથો
આદર્શો ને મહત્ત્વાકાંક્ષાઓ જ્યાં પોસાય:
અને ગમે તેવા ગર્વિષ્ઠ
'ઇંદ્રભૂતિઓ'નાં ગુમાની દિલમાંથી પણ
સ્વયંભૂ શ્રદ્ધાનાં, ભક્તિનાં ને
પ્રેરણાનાં ફૂવારા ફૂટે તે આદર્શ સાધુ:

* * *

દુનિયાના દુઃખી દર્દીઓનો
ઑનરરી માનસિક ડૉકટર તે આદર્શ સાધુ!

* * *

અણબૂઝયાં મનના તાપો
જેને જોતાં સૌ શમી જાય,
આત્માના અણખીલ્યા સંસ્કારો
'આદર્શ સાધુ'ને સેવતાં ખીલી ઉઠે;
નીરસ હૈયાઓમાં ફૂલડાંની ફોરમ પૂરે,
ઉકળતી દુનિયાનાં શિર પર

સુવાસિત જીવનની શીતળતા વરસાવે.
પોતાની સ્વતંત્ર 'નાસિકા' તૈયાર કરી
નંદનવનનાં વાયુમાંથી સુગંધીઓ લુંટે.
ને લેશમાત્ર આવેશ કે લાગણીથી ન દોરાતાં
ઠંડે કલેજે, વીરોચિત ઉદાર ભાવનાથી
દરેક પ્રશ્નને શાંતિથી વિચારે, તે આદર્શ સાધુ:

* * *

'સ્વશક્તિ'ની સાધના પાછળ
મક્કમ પગલે ચાલનારો તે આદર્શ સાધુ!

* * *

'આદર્શ સાધુ'ની તપશ્ચર્યા
તેની વિખરાયલી શક્તિને એકત્ર કરે,
શક્તિનો પુંજ એકઠો કરે,
સમગ્ર જીવનનું એકજ લક્ષ્ય
પ્રધાનપણે તેમાં વિલસતું હોય:
આત્માના સંસ્કારથી તેનાં તેજ તપતાં હોય,
પ્રકૃતિનાં સર્વે હથીઆરો:-
મન, શરીર, પ્રાણ ને બુદ્ધિ
અધાંય આત્માના સિદ્ધાંતને સ્વીકારે,

અને ચોક્કસપણે સમજે કે
'તપ'થી મનની સમૃદ્ધિ ન વધે તો
"તપ એ ખાલી ઢોંગ છે!"

* * *

જેની તપશ્ચર્યા વિવિધ કર્મનાં બળને ક્ષીણ કરે,
મૂળ પ્રકૃતિની તિખાશ કાપે,
સ્વભાવને રેશમ જેવો સુંવાળો ને
પુષ્પ સમો સુગંધી બનાવે:
આત્માને આનંદભરી નરમાશ અર્પે,
અને કુણી માખણ જેવી બનેલી જીભમાંથી
જેની તપશ્ચર્યા મધુર વચન કઢાવે!
તે આદર્શ સાધુ:

* * *

'આદર્શ સાધુ'ના ધર્મનો અર્થ
'ગુણસ્થાન ક્રમારોહણ' કરી શકાય,
આત્માની ઉર્ધ્વગતિ જેમાંથી જોઈ શકાય,
હૃદયના ગુણોનો વિકાસ જેનું ઓર નૂર વધારે,
ચિત્તનાં વ્યાપારો સમતોલવૃત્તિ જાળવી શકે,
અને સમ્યક્ જ્ઞાન, દર્શન ને ચારિત્રનું

નિરંતર સ્મરણ રાખી તેમાંથી
'દિવ્ય જીવન'નો આવિષ્કાર કરે તે આદર્શ સાધુ.

*  *  *

સંસારથી વિરક્તિ લઇ,
દ્રવ્ય અને ભાવથી સંપૂર્ણ તલાક દઇ,
સંસારનાં વિકારોથી ય પર થઇ
અખંડ કર્મયોગી માફક જે
'નવા અવતાર'–નવા જીવનનું 'ઘડતર' કરે,
આત્માની શોધમાં
કર્મ, કર્મ ને કર્મની જ એ
નિવૃત્તિમાર્ગમાંથી 'દૈવી કર્મ'ની પ્રવૃત્તિ સાધી
દિવ્યતા–સ્વતંત્રતાને વરવા મથે; તે આદર્શ સાધુ

*  *  *

દોડતાં પહેલાં 'સ્થિરતા'નું 'સ્ટેઇજ' સર કરે,
પળેપળને પોતાના 'સાઇકો લોજીકલ
પ્રોસસ'—
'માનસિક ઉર્દ્ધુયન' જોવાની સ્થિરતામાં ખર્ચે,
અને જ્ઞાનમાર્ગના તેજીલા પંથ પર
જીંદગીનો શાંત ને નિરાડંબરી આશ્રમ સ્થાપે,
તે આદર્શ સાધુ.

*  *  *

સંસારની બધી 'અસરો'થી પર રહી
બધી અસરોનેજ 'પોતા'માંથી જન્મ આપે,
એની વ્યાપક જ્ઞાન દૃષ્ટિમાંથી ફૂટતા
કિરણો અનેક કલ્યાણ બાગો ખીલવે,
'દોસ્તી' કે દુશ્મનાવટનાં કીચડમાંથી હાથ ધોઈ
સમભાવભરી નજરથી વિશ્વના
સર્વે મનુષ્યો ને તિર્યંચો સાથે
એક સરખો–સમાન 'વ્યવહાર' રાખી જાણે !
સારાનરસામાંથી પૃથક્કરણ બુદ્ધિને વિકસાવી
જે પ્રગતિમાર્ગનો પ્રારંભ કરે,
બાહ્ય દ્રશ્યમાંથી પોતાને ઉપાડી
'અંદર'માં ડૂબકી મારવાની કળાપર પ્રભુત્વ પામે !
અને અંતર સમુદ્રમાંથી જે
રત્નો વીણી લેવાની કાળજી રાખે તે આદર્શ સાધુ.

* * *

'અંતર'ના સુતેલા 'તત્ત્વ' ને ઢંઢોળી જગાડે;
જગાડવા દોડતી ક્રિયાનું બારીક અવલોકન કરે,
જગાડનાર ને જાગનાર બન્નેનું
'એકત્વ' સમજી પ્રેરણા કર્યા કરે, પીધા કરે.

પોતેજ પોતાનો હુકમ કરનાર ને
પોતે જ પોતાનો હુકમ ઉઠાવનાર બનાવી શકે;
પોતેજ પોતાનો ચોકીદાર બની
પોતાના વિચારો ને વર્તન પર
સંપૂર્ણ કાબૂ મેળવે !
ને જે પોતે જ પોતાનો 'બાદશાહ' ને
'રૈયત' સમજી આત્મપ્રદેશે શાંતિથી
ચક્રવર્તિપણું ભોગવે તે આદર્શ સાધુ.

* * *

**અ**પ્રમત્ત બનીને દશે દિશામાંથી જે અભય
બન્યો છે,
વાંચવા કરતાં વધારે 'વિચારવા'માં શુભ ભાળે છે.
શીખામણ આપવા કરતાં
સંસ્કારો 'જગાડવા'માં સિદ્ધિઓ નિરખે,
બોલવા કરતાં 'મૌન'માંજ શક્તિનાં
શસ્ત્રો ભરેલાં જુએ,
ને ખૂબ ખાવા કરતાં
'પચાવવા'માંજ સાચો પુરૂષાર્થ માને:
તે આદર્શ સાધુઃ

* * *

જેના 'ધર્મલાભ'માં નિઃસ્પૃહતાનો સાગર ગાજે,
માનવતાના મોજાંઓ
એની સાધુતાને સોનેરી રંગથી ઓપે,
સમતાની લહરીઓ જેના
મુખચંદ્ર પર ફરી વળી
જીવનની ઉંડાશ ને ભવ્યતાનો આહો
ખ્યાલ આપે,
ને મુક્તિનાં પિપાસુઓનું જે મજબુત
'તરણુ તારણુ' સફરી જહાજ છે :
એવી જોતાંજ સ્વાભાવિક ખાતરી થાય
તે આદર્શ સાધુ :

* * *

આત્મ સ્વમાનની ગૌરવમૂર્તિ, દુનિયાના
કીર્તિ કે અપમાનના ફુકાને દુનિયા પર ફેંકી દે,
પદવીઓ જેને ભારરૂપ લાગે,
વિશેષણો તેને અનુકૂળ ઉપસર્ગો સમા ભાસે,
નકામી ધામધૂમો જેને આત્મશક્તિમાં-
આત્મ પ્રતિભામાં પડેલાં બાંકાઓ પર
લગાવવાનાં થીગડાં જેવી દેખાય,
એ બધાથી દૂર રહી

માનમાં ફૂલે નહિં, કે અપમાનમાં કરમાય નહિં,
એવું 'આનંદઘન'–જીવન વીતાવે
તે આદર્શ સાધુ !

* * *

સંસારનાં મોહ–અજ્ઞાન અંધકારો ઉલેચી
પોતાના મીઠાં ઠંડા જ્ઞાનવારિ વરસાવે,
દરિયા જેવા દિલાવર દિલમાંથી
જ્ઞાનની સુવાસ પાથરી
આપણાં મનોમંદિરને પવિત્ર કરે છે.
આખી દુનિયા મ્હેંકી ઉઠે તેવી સરસ સુગંધ ભરે,
શુષ્ક હૈયામાં ચેતન છલકાવે;
રસથી તરબોળ કરી નિર્બળોને પણ
પ્રાણના પ્રસાદ આપે !
ને વિશ્વવ્યાપી હેતનાં હિલ્લોળે જે
સારીય દુનિયાને હિંચોળે છે તે આદર્શ સાધુ !

* * *

અનુભવની એરણ પર ઘડાયેલો
એ મહાન યોધો છે,
દુનિયાની કપરી ઠોકરો ખાતા છતાં

એ ઠોકરોનાં 'સ્મૃતિ-ઝેરો' દૂર કર્યાં છે,
આંખોની મીટ પર જે માણસને માપી લ્યે છે,
બહારના દેખાવપરથી માપવાની ભૂલ ન કરતાં,
મુખ પર બંડ કરીને તરી આવતાં-
અંતરનાં સદ્‌વિચારો, પવિત્ર ભાવના
ને વિશુદ્ધ રંગ પરથી પાત્રતા પારખે છે !
જ્ઞાન અને અજ્ઞાનનાં સ્પષ્ટ ભેદો સમજે,
કર્મ ને તેનાં ફળનું જાગૃત 'ભાન' રાખે,
વીતરાગના માર્ગની નાનીમોટી
માહિતીઓ મેળવવા મથે;
અને પોતાની હાજરીથી થયેલાં શુભ કાર્યોમાં
પોતાને નિમિત્ત માત્ર માને !
વૃત્તિ માત્રને ક્ષણિક તરંગ માની
વૃત્તિઓ તરફ હાસ્ય ફેંકે,
અને મિથ્યાભિમાની કાળી વાદળીઓને
પોતાના જીવનપ્રદેશે આવતી અટકાવવા
જે સતત્ ચોકી કરી જાણે તે આદર્શ સાધુ !

* * *

આદર્શ સાધુ,

જીવનની દરેક પળમાંથી સૌંદર્ય શોધે,

દરેક સ્થિતિમાંથી પવિત્રતા તારવે,
હરનિશ માનસિક વ્યાયામ કરી
તેમાંથી ધર્મનો અખંડ પ્રવાહ વહાવે;
ને જેનાં 'પાતરા'માં 'મનુષ્યત્વ'ના ખીલવટની
અનેક ગુપ્ત ચાવીઓ પડી હોય
તે આદર્શ સાધુ!

* * *

જેને પોતાનું વીર્ય (શક્તિ)
નિષ્ફળ ને નિષ્પ્રયોજિત તુચ્છ યુધો પાછળ
ખરચવું પાલવે નહિં,
'અંદર'ના કુરૂક્ષેત્ર પર વિજય મેળવવા
જે બાહોશ સૈનિકને ઝૂઝતાં થાક ચડે નહિ,
પોતાની 'સહાય' ને માટે
કોઇ બહારનાં તત્ત્વની આશામાં ઠગાય નહિં,
પણ 'આદર્શ સાધુ'
અંદરનાં 'દેવત્વ' પર અવલંબિત રહે છેઃ
પોતાનેજ શક્તિનું 'નિવાસસ્થાન' માની
પોતાને અને દુનિયાને ગતિ-ગરમાવો આપે,
અને જે આત્મીય Noble Taste
'ઉચ્ચ શોખ' ને ખીલવતાં

સંસારનાં અનેક 'તુચ્છ દેખાવો' સામે
'લાજ' કાઢી–પીઠ દઇ હરીફરી શકે છે!
તે આદર્શ સાધુ:

* * *

આત્માનું વિજયક્ષેત્ર સદાય વિસ્તારતો
વિસ્તારતોજ જીવન નિર્વહે
તે આદર્શ સાધુ:

* * *

જે જીવનમાં નવું પાણી લાવે,
જીવનમાં પ્રત્યેક શ્વાસને પોતાની
અદ્‌ભૂત જીવનકળાથી સૌરભભર્યો બનાવે,
અંદરની 'ગડમથલ'ને શાંતિનો સંદેશ આપે,
ને આપણાં દોષભર્યા જીવનને શુદ્ધ કરનારી
ગરમી જેની ઠંડી આંખમાંથી સ્ફુરતી ભાસે;
તે આદર્શ સાધુ:

* * *

લોખંડી ઇચ્છાશક્તિનો એ સમુદ્ર છે,
એકેક છાલકમાં જે મહાન પરિવર્તનો સર્જી શકે છે:
એ Will Powerથી ભરેલી

જેની ચમત્કારી આંખોમાંથી
ગરમ પ્રકૃતિઓ પર ઠંડાશના સરબત છંટાય છે.
'ઠરેલા' માણસોને ચૈતન્યના સૂરો સંભળાય છે:
તે આદર્શ સાધુ.

*  *  *

એકાંત દૃષ્ટિ છોડી,

અનેકાંત દૃષ્ટિએ–"સ્યાદ્વાદની શૈલીએ જે
દરેક વસ્તુનાં ગુણદોષ ધીરજપૂર્વક તપાસે છે,
વિવેકનાં ચશ્માથી તે બરાબર નીરખે છે,
ને છાશમાંથી નીકળેલાં 'માખણ'ને—
તપાસણીનાં અંતે લીધેલા ગુણના મનન,
અને 'નિદિધ્યાસન'માં પોતાની જીંદગીનો
અમોલો સમય ખરચી રહે તે આદર્શ સાધુ !

*  *  *

આદર્શ સાધુ, જ્ઞાનની ગંભીર ગીતા છે.

અકળ ઐશ્વર્ય ને પ્રેમની પરિસીમા છે.
જાગૃતિની જ્વાલા જેવું એનું જીવન
ને ચેતનાની વરાળ જેવા પરમાણુઓ
જનપદે જનપદે કર્તવ્યબોધ આપે,

ધર્મસૂત્રોનાં નિતારની ભેટ ધરે,
નિષ્કામ કર્મની લગની લાગે,
મહત્તાના સંસ્કારી ઉપદેશની ધૂન જાગે,
ને જ્ઞાન અને ક્રિયાનો સમન્વય કરી
અંદરની ચેતન–ચીનગારી વડે
'અનાથ' હૈયાને હુંફ દઇ સજીવન કરે,
મૂર્છિત અંતઃકરણને જગાવે;
તે આદર્શ સાધુ.

* * *

જેની મીઠી આત્મીય ઝાલર,

જગતમાં અદ્‌ભૂત સંગીતનો સ્રોત વહાવે,
બંધ થઈ ગયેલાં હૃદયના દ્વારો 'ઉઘડાવે'
પોઢેલ આત્માઓને જગાવે,
ને 'નિર્બળતા' માંથી સામર્થ્યવાન
આત્માનું સુંદર ઘડતર કરેઃ
માનવ જન્મનો આશય ને કર્તવ્ય સમજી
સૂક્ષ્મ ભુવનોનું સંશોધન કરે
તે આદર્શ સાધુ.

* *

તત્વજ્ઞાનની 'ખાખ' જીરવવા માટે જે
આત્માનાં મળ ને બુદ્ધિનાં વિભ્રમતાને
હટાવવાનાં 'જૂલાબો' લઈ શકે છે,
તે આદર્શ સાધુ:

*    *    *

'આદર્શ સાધુ:
પોતાનું સ્ફટિક શુ ઉજ્જવળ જીવન
'ધર્મશ્રોતાઓ' માટે
સદાય આરીસા માફક ખુલ્લું રાખે!
પોતાના જીવનની નિર્મળતા ને
વિચારોની વિશુદ્ધતા જોવાનો
સહુ કોઈનો 'અધિકાર' મંજુર રાખે!
ને જીવન જેવું હોય તેવા સ્વરૂપમાં
આડંબર વગર રજુ કરવાની પ્રમાણિકતા
દર્શાવે!

*    *    *

કલેશ, કંકાસ, વ્હેમો ને શંકાની બેડીઓ તોડે
'આવેલા' સ્વાતંત્ર્યને 'નકારો' ભણે,
એ તો પોતાની 'અંદરથી' જ
સ્વશક્તિથી જ સ્વાતંત્ર્યને 'શોધી'

પોતાનામાં 'પ્રગટાવે' છે: 'મેળવે' છે:
સ્વાતંત્ર્યને પોતામાં શમાવીને
જીવંતમુક્તિ જે સાધે છે.
'અંદર'ની ગુલામીનાં કાંટાઓ દૂર કરી
સ્વાતંત્ર્યનાં ગુલાબ છોડ ઉછેરે છે:
ગુલાબને ઉઝેરતાં જે
ગુલાબનાં કાંટાઓ પ્રેમથી સહે છે,
"કાંટા વિનાનું ગુલાબ ન હોય
ને દુઃખડાં વિનાનું સ્વાતંત્ર્ય ન હોય"
એ જેની મજબુત માન્યતા છે:
કાંટાથી કંટાળશે તે ગુલાબને સુંઘી શકશે નહિ,
દુઃખોથી જે ભાગશે ને મુક્તિને વરી શકે નહિં.
આ સિદ્ધાંત પર
જે ગુલાબને ભેટવા દોડે છે:
અને હોજરીની સર્વે શક્તિથી
સ્વાતંત્ર્યને 'પચાવી' જાણે છે
તે આદર્શ સાધુ:

* * *

**સા**ધ્ય મોક્ષ માટે, સાધન જેનું ધર્મ,
સાધ્ય ધર્મ માટે સાધન એક નીતિ,

નીતિ એટલે ઉન્નત વિચારોની ક્રિયા,
એવી ક્રિયા માટે જ જેનું જીવતર
તે આદર્શ સાધુ !

* * *

**આ**દર્શ સાધુ' નો આત્મા પાંખવાળો છે,
વિશ્વના છૂપા ભેદ શોધવા તે
તર્કશાસ્ત્રને સાવ લંગડુ માને છે:
દુનિયાનું દ્રશ્ય કે અદ્રશ્ય તત્વ શોધવા
'હૃદયશાસ્ત્ર'ને જ સમર્થ ભાળે છે.
બુદ્ધિનાં નીર જેનાં નિર્મળા છે,
તે નીરને હૃદયસરિતામાં મીલાવે છે;
અને જે પોતાનું 'આદર્શ જીવન'
વાસ્તવિક જીવન 'બહાર' ન શોધે
તે આદર્શ સાધુ.

* * *

**વ્યવહારીઓની ડાહી ડમરી**
**( કંગાળ ? ) નીતિ**
એ 'આદર્શ સાધુ' ને મન 'ઠગારી'
માયા છે !

* * *

સંન્યાસ-વૈરાગ્ય એ જેને મન
ભિન્ન ભિન્ન તરંગો સંકેલવાનો ફાળકો છે,
કાજળની કોટડીમાં પેસીને
શ્વેતમુખે પાછા ફરવાનું જીવંત 'કૌશલ્ય' છેઃ
અગ્નિની ભડભડતી ભઠ્ઠીમાં જે
વાસનાની આહૂતિઓ આપે છે,
ને 'અલખ'ની શોધ માટે
પોતાના પ્રત્યેક આત્મ પુદ્ગળને અલખ
બનાવે છે : તે આદર્શ સાધુ :

* * *

સંન્યાસનો અંચળો ઓઢી
જે મનથી-અંતરથી સંન્યાસી બનેઃ
વેશ કે શિરમૂંડનની ક્રિયાજ બસ નથી,
પણ અલખ હાથ કરવાને
જે આખા જીવન પ્રવાહે-વિકારાએ અલખ
થઇ જાય.
દુનિયાનાં વિખવાદથી પોતાને ઉપાડી,
પોતાના ચિત્તને આંતરભિમુખ બનાવે !
કફની કે ભેખ જેનાં જીવનથી જૂદાં નથી :

ભાવનાએ ભાવનામાં ભેખનાં પડછાયા પડે,
વૈરાગ્ય તેનાં રૂંવે રૂંવે બેસે,
ને સૂર્યનાં પ્રતાપી ઓજસ્ જેમ
સન્યાસના અંચળા અને આત્માને દીપાવે
તે આદર્શ સાધુઃ

*　　*　　*

'આદર્શ સાધુના' આવાગમનમાં
અદ્ભુતાના ભણકારા વાગે,
હૃદયમાં ભૂતકાળની પુનિત સ્મૃતિ,
વર્તમાનની જ્વલંત પ્રભા,
ને ભવિષ્યની મોહક કલ્પના જાગેઃ

*　　*　　*

સમ્યક્ત્વનાં ઉંચા શિખરો પર જે ચડી
　　રહ્યો છે,
અંદરનાં દેવની અગમ્ય લીપિ ઉકેલે છે,
જ્ઞાનની પવિત્રતા સમજી, સંકટોને વિંધનારૂં
ક્ષાત્રનૂર જેનામાં ઝઝકી ઉઠયું છેઃ
શોક બકોર વગરનો જીવનવ્યવહાર જાળવે,
લોલુપતા વિનાના ખાનપાન હોય,

વિશુદ્ધ ને સાવ સાદા જીવનની ફોરમમાં
'આદર્શ સાધુ'નાં પ્રાણ ડોલતાં હોય,
ભૂતમાત્રમાં પોતાનું 'દર્શન' જુએ.
ને शिवमस्तु सर्व जगत :
'સારાય જગતનું કલ્યાણ થાય'
એવી અહોનિશ ભાવના ભાવે તે આદર્શ સાધુ.

* * *

આદર્શ સાધુ:

આત્મપ્રશંસાની ઇચ્છા માત્ર ન કરે,
કલ્પનામાંય પરનિંદાનો કચરો ન સંઘરે,
આગળ પાછળની ગડમથલને કાન પણ ન દે,
ને વિચારોમાં ઉંડી દૃષ્ટિનો સમાવેશ કરેઃ—
એવા પુરૂષનાં જીવનની યાત્રાએ જવાનું
દેવોને ય આકર્ષણ થાય તે આદર્શ સાધુ !

* * *

આદર્શ સાધુ દરેક બનાવનું 'કારણ' શોધે
ઘણીવાર Mystic ગુપ્તદૃષ્ટા થઇને
દુનિયાનાં અંધારા પર ગુપ્ત બત્તી ધરે,
નવનવી ભૂમિકા પર પ્રયાણ આદરે.

ને નવા નવા ચીલાઓ પાડે,
જગતનો ભાર હ્રુદય પરથી હટાવી
ગમેતેવા સંયોગોમાં સોંસરો ઉતરે !

* * *

## 'એકને નમાવે તે સર્વને નમાવે'

'આદર્શ સાધુ'નો એ જપ મંત્ર છેઃ
એકજ 'આત્માને' જીતવાથી
સમગ્ર સૃષ્ટિને એ હરાવે છેઃ
તપશ્ચર્યા કરીનેજ ફૂળની કમાણી કરે છે.
ભવ્ય સ્વપ્નો સેવવા, ને સાક્ષાત્કાર કરવા
એ તેની મંગળ પ્રવૃત્તિ છેઃ
શાન્તિની 'માયા' એ માગતો નથી,
કે મૃત્યુસૂચક શાંતિને સંઘરતો નથી,
યુદ્ધઃ આત્મયુદ્ધઃ ને વિજયઃ
અને તે વિજયનાં ફૂળ રૂપે ચિરકાળની શાંતિઃ
આ શાંતિનો જે પરમ પૂજારી છે,
તે આદર્શ સાધુ !

* * *

**પામરતા કે તુચ્છતાની સામે**
**'આદર્શ સાધુ'નું જીવન લાલબત્તીસમું છે:**

* * *

જેની ભાવના સૃષ્ટિ સોનાથી
મઢેલી હોય તેવી ઝગારા કરે,
હાથની કોમળતાથી જ પત્થરોનાં પાણી કરે,
પોતાના માનસ નીચે જગતદર્દોની
અમૃતસમી અકસીર દવાઓ ભરી હોય,
હૃદયનાં ધબકારા સાંભળવા
જે કુશળ વૈદ્ય જેવું કામ કરી શકે
તે આદર્શ સાધુ:

* * *

જેના આત્માનો ઉલ્લાસ
આપણાં હૃદયને ગલીપચી કરી હસાવે,
પોતાના હૃદયના છૂપાયલા
સંગીન તારોનાં અવાજમાં લય પામે,
પોતાના અનુભવ અને
જીવનનાં ચાલુ કાર્યો વચ્ચે ભેદ ન હોય,

ઉપદેશ ને જીંદગી વચ્ચે તફાવત ન હોય,
વિચારો જેવા વર્તન હોય,
ને બહારનાં દર્શન તેવા
અંદરનાં ઉજળા 'દેવ' હોય, તે આદર્શ સાધુ

* * *

શૌર્યનાં ખડગ ખેલી શકે તેવા સિદ્ધાંતો
ને સિદ્ધાંતની પાછળ જીવન જેનું અર્પણ છે
કર્તવ્યમાર્ગપર પ્રચંડ ઉગ્રતા ધારી
જે કર્તવ્યની સફલતા વરે છે,
તે આદર્શ સાધુ

* * *

'આદર્શ સાધુ' શાસ્ત્રોનું પ્રમાણ
ત્યાં સુધી જ સ્વીકારે
કે જે જીવનને 'નવદીક્ષા' આપે !
આત્મશાંતિનાં વેશમાં 'આત્મકલહ' ન ઉપજાવે;
'દીક્ષા' શબ્દનું પેટાળ તપાસે,
દરેક શબ્દનાં ઉંડા મર્મ સમજવા મથે,
સિદ્ધાંતનાં ગર્ભમાંથી સત્ત્વ તારવી લ્યે.
ને શબ્દોનાં બાહ્ય રૂપરંગ પરથી

તત્ત્વનો નિર્ણય કરી નાંખવાની બાલિશતા
'છીછરાવેડા' કે એ ભયંકર 'મિથ્યાત્વ'ને હાંકે:
દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ને ભાવનો રંગ ઓળખે,
અને લેશમાત્ર તામસિકતાના તાવડામાં
તપાયા વગર
કલહ કુસંપનાં દાવાનળો પ્રગટાવ્યા વગર,
ઉલટા પ્રગટેલાને 'ઓલવી'ને
પોતાનો શાંત-સુવાસિત જીવનધર્મ બજાવે:
જીવનને માત્ર ગતિ-માત્ર ગતિ, આપે,
દિવ્ય પ્રેરણા પ્રાય;
અંધારામાંથી કાઢી પ્રકાશમાં ખેંચે,
એજ તેનો ધર્મ, ધર્મનાં સૂત્રો:
અને એજ જેની ધાર્મિક ક્રિયાઓ:
તે આદર્શ સાધુ !

* * *

જ્યાં ધર્મ-શુદ્ધ ધર્મની દેશના હોય,
ત્યાં-આદિ,મધ્ય કે અંતમાં કલેશ જ ન સંભવે;
એવું સમજી જે પોતાને ને પરને દીક્ષા આપે
તે આદર્શ સાધુ.

* * *

પોતાની સ્વતંત્ર 'પસંદગીઓ'
જે ' વિશુદ્ધતા 'ની–' ઉઘાડી આંખ 'ની
ગેરંટી આપે,
તે કોઈ વ્યક્તિને, સમાજને, વિશ્વને
કે અમુક સિદ્ધાંતને ન વેચી નાંખતા
પોતાની સ્પુર્તિથીજ જીવે ને જાણે,
તે આદર્શ સાધુ.

*  *  *

'આદર્શ જૈન'*નાં 'હિંગળાજનાં હડા'
નામના
એનાં પ્રવાસની અડધી મજલનાં સ્ટેશન પાસે
'આદર્શ સાધુ'ના માર્ગની તળેટી હોય;
અંતરનાં 'દાદા'–પ્રભુને ભેટવા જે
સ્થિર પગલે ડગ્યાવગર ચડતો હોય,

*'આદર્શ જૈન' નામનું એક પુસ્તક આજ લેખકના હાથે આલેખાયું છે. ' આદર્શ સાધુ ' નાં સાધુત્વનો પ્રવાસ પ્રારંભ એ ' આદર્શ જૈન 'નાં પ્રવાસમાં અડધી મજલે આવેલા ' હીંગળાજનાં હડા ' નામનાં સ્ટેશનથી થા।:

અને પરિણામે ?
પવિત્રતા ને નિર્દોષતાભરી પહાડી હવામાં
ગગનમાર્ગે ઊડી રહેલા તેના દિવ્ય આત્માનાં
પાદામ્બુજમાં દેવોનાં પણ શિર ઝૂકવાની
આગાહી–કલ્પનાજ માત્ર
થઇ શકે, તે આદર્શ સાધુ.

* * *

જેની વિદ્વત્તા તર્કવાદમાં બેડોળ બનતી નથી.

લોકોને ખૂશ કરવા નર્તકની કોટીમાં ઉતરતી નથી.
'સત્યાભાસ' કે 'ધર્માભાસ' માં
પોતાના ધર્મ સ્વરૂપને હણાવા દેતો નથી
જગત ને રૂઢી નચાવે તેમ નાચતો નથી
અને જે પોતાની ઉચ્ચ ભૂમિકા પર ઉભા રહી
પોતાનાં ભૂમિ સ્થાનનું ગૌરવ સમજી
પોતાના મધ્યબિંદુથી લેશમાત્ર ન ચસકે,
વજ્રની દિવાલ શા મજબૂત રહી
દુનિયાના વિકાર–ઘાને બૂઠા બનાવે
તે આદર્શ સાધુ.

* * *

**જેનું ચેતન કદી ઉંઘતું નથી**
**તે આદર્શ સાધુ.**

* * *

**દા**વપેચથી કે બુદ્ધિવાદનાં મારાથી
ધર્મનાં ખોટા બકારાથી કે ઉપરઉપરનાં
ચળકાટથી
જનતામાં 'પૂજ્ય' બનવાના તોફાનોને બદલે
અંદરના વૃક્ષને ઉઝેરવા તરફ
'આદર્શ સાધુ' ની પસંદગી ઉતરે,
જીવનની યુદ્ધકળામાં પાવરધાઇ મેળવે,
ધીરજ ને વિવેક એવાં કેળવાય
કે કોઇથી ચળાવી શકાય નહિ,
અને જેનાં તપ, વિદ્યા ને ચારિત્રનો સરવાળો
નમ્રતાભરી જ્ઞાનદૃષ્ટિમાં શમે તે આદર્શ સાધુ!

* * *

**આ**ત્મ સંસ્કારની સાદી શોભા જેની
પ્રત્યેક ક્રિયામાં નજરે ચડે,
બુદ્ધિ પાર ભેદીને આગળ જઇ શકે,

ધર્મનો ઉપદેશ સદા કરવાને બદલે
જેનું જીવન જ ધર્મમય હોય–
તેથી જીવન જ ધર્મની ભાષા બોલે,
જીવન જ નીતિનો 'અખંડ' પ્રવાહ હોય,
શબ્દોનાં ચોસલાં ધર્મનાં પવિત્ર નામ નીચે
સોંઘા બનાવી જગતમાં
'નાસ્તિકવાદ'નો પ્રચાર કરવાને બદલે
જેનામાં શબ્દોની પવિત્રતા ને
ધર્મસૂત્રોનાં મૂલ્ય આંકવાની
સંપૂર્ણ સદ્બુદ્ધિ ભરી હોય! તે આદર્શ સાધુ.

* * *

જે સંત પુરૂષનાં ચરિત્ર–શ્રવણથી
*'શ્રાવક'નું મન બળવાન બને,
જીવન આશાભર્યું ને તેજસ્વી થાય,
સબળ ને પ્રભાવશાળી આંદોલન આસપાસ
ફરી વળે,
માનવધર્મનાં સાચા ઉપાસક થવાની ભક્તિ જાગે,
અને જેની સાધનાની જ્યોત
પોતાને અને પરને અજવાળી સત્યના પ્રદેશે

*શ્રવણ કરે તે શ્રાવક.

લઈ જાય, તે આદર્શ સાધુ.

*　　*　　*

જેનું જ્ઞાન

અભિમાનનાં ગબારાં પર ઉડે નહિ,
કે વાદવિવાદની ગટરમાં ગોંધાય નહિ,
માત્ર મગજને જ્ઞાનથી ન ભરે,
પણ પોતેજ 'આખો' જ્ઞાનમય–પ્રકાશમય બને!
હૃદય ને વર્તનમાં જ્ઞાનની સુવાસ પ્રસારે,
મગજ ને હૃદયનાં ગુણો વચ્ચેનો તફાવત તપાસે,
અપ્રસિદ્ધિમાં ગૌરવ માને,
ને દુઃખથી તપી તપીને શુદ્ધ થવા મથે છે!
'શુદ્ધાશય'નાં રાહ પર ધીમું, પણ
અવિશ્રાંતપણે ધપી રહે છે,
ભૂલેલા માર્ગનું–'મિથ્યા દુષ્કૃત' લઈ
'આદર્શ સાધુત્વ'નાં દ્વારે પ્રવેશે છે!
તે આદર્શ સાધુઃ

*　　*　　*

'આદર્શ સાધુ'

આત્મ સુધારણા કાજે જ શાસ્ત્રો વાંચે,

परोपकारः सतां विभुतय
પરોપકાર કરવામાટેજ અંદરની કળાઓ શીખે !
નયન કમળો કોઈ અગમ્યના ચિંતનમાં
નીચાં ઢળી રહ્યાં હોય,
ને મૃત્યુની ચિંતા છોડી, જે
ધર્મ ( Duty ) ને જીવનને તાણે તાણમાં
વણી રહે, તે આદર્શ સાધુ :

* * *

જગતમાં સહાનુભૂતિની શોધમાં રખડવા કરતાં
આદર્શ સાધુ–
પોતાની 'મજબૂતાઇ' સિદ્ધ કરે,
'સહાનુભૂતિ' લેવા કરતાં 'દૈવ'માંજ આનંદે,
પોતાનાં વિચારની મૂર્તિઓ ઉભી કરે,
જીંદગીમાં પોતાને 'અનુભવવા'નું હોય
તેજ શબ્દો જીભેથી ઉચ્ચારે,
"સાચું કર્તવ્ય બૂરા અંતમાં શમાય નહિ.
વફાદાર વિચારો ખોટા કર્તવ્યમાં ખેંચે નહિ
પ્રભુમય જીવન ગાળનારને કોઇ
લેશમાત્ર તકલીફ પહોંચાડી શકે નહિ
અને પોતાની શાંતિમાં કોઇ અશાંતિનું

આરોપણ કરી શકે જ નહિં"
આવી પક્કી ખાતરી ધરીને
'આત્માનંદ'ની મીઠી ગોષ્ઠીઓ જ
શ્રોતાને સંભળાવવામાં જે મસ્ત છે
તે આદર્શ સાધુ.

'આદર્શ સાધુ'ના હાથમાં
ભયને જીતવાની શક્તિઓ છે,
ઉદ્વેગને વિસારવાનું સામર્થ્ય છે.
નવો ઉત્સાહ, નવીન પ્રકાશ, તાજગી
નિજાનંદ ને રૂપેરી ઝંકારભર્યાં
મસ્તગાનની જેને બક્ષીસ છે તે આદર્શ સાધુ:

* * *

કલ્લોલતાભર્યું સ્મિત,
મોક્ષની સોહામણી આશા
ને સોનેરી સ્વપ્નોની જેને નવાજેશ છે,
'આદર્શ' મુજબ પવિત્ર જીવન જીવવાની
તાકાદનાં મંગળ દર્શન કરાવે છે!
સત્ય ને જ્ઞાનનો દીપક તનાં માર્ગને અજવાળે,
પ્રેમનાં જાદુથી જ સારી સૃષ્ટિને કેદ કરે,

તેનાં હેતનાં કિરણો એવા હોય, કે
જે જે ઝીલે તે કંચનવરણા થાય:
ઉંચ નીચ કે નાના મોટાના ભેદ
'આદર્શ સાધુ'ના આત્માએ ભાંગ્યા છે,
સમાનભાવથી હૈયાને તેણે પખાળ્યું છે,
વિમળતા ને વિશાળતા
તેનું સવાર સાંજનું પ્રતિક્રમણ છે;
અને હસતાં હસતાં જ જીવવું ને
હસતાં હસતાં મરવું:—
તે જેનું પરમ પચ્ચખાણ છે તે આદર્શ સાધુ.

* * *

'આદર્શ સાધુ' ના અંતરના ભરપૂર આનંદ
અને સનાતન સંતોષનું
એકજ વિશ્રામમંદિર 'મુક્તિ' છે:

* * *

'આત્મવંચના'ની કાળી વાદળીઓ
'આદર્શ સાધુ'નાં જીવનરાજ્યમાં નથી,
પાખંડ કે અભિમાનનાં ઝેરી વાયરા
એના સીમાડાનેય સ્પર્શી શકે નહિ,

ચંચળ તરંગોને જે દેશવટો સુણાવે છે,
ને 'ધારેલું' પ્રાપ્ત કરવાને
પોતાનું તપોબળ ખીલવે છે, તે આદર્શ સાધુ:

* * *

'આદર્શ સાધુ' પાપીને નહિ
પણ "પાપમય મનોદશાને" ધિક્કારે !
એના ધિક્કારમાં ય પ્રેમ હોય,
એનાં તિરસ્કારમાં ય સ્નેહ ઝરે !
એ સ્નેહની ઠંડી એવી પ્રબળ છે
કે પાપના અગ્નિને બૂઝાવી નાંખે,
એ પ્રેમનો બરફ એવો છે
કે પાપીના અંતરને ય થીજવી દે !

* * *

આધ્યાત્મિક યુદ્ધ ને જીંદગી બન્ને
'આદર્શ સાધુ'નું એકજ સ્વરૂપ છે:

* * *

અડગ ધૈર્ય ને સહનશીલતા
એ આદર્શ સાધુનાં આભૂષણો છે:
'હું' ને બદલે 'આપણે'—

એ તેના વ્યાપક જ્ઞાનનું ગૌરવ છે:
ને જ્યાં પગલાં પડે ત્યાં ત્યાં
પ્રતિભાશાળી વાતાવરણ ઉભું થાય
એજ 'આદર્શ સાધુ'ની મહાન ઓળખ છેઃ

* * *

ખુશામતનાં મીઠાં ઝેર
'આદર્શ સાધુ'નાં સાધુત્વને મારી શકે નહિ,
ગાળોના વરસાદમાં
એનાં વ્યક્તિત્વને તાણી શકાય નહિ,
'આશમ'ની મશરૂ તળાઇમાં સુવાડી
એ યોધાના જીવનને હણી શકાય નહિ !
'કાંટા'નો મુગટ પહેરાવી
એકપણ અશ્રુ આંખેથી પડાવી શકાય નહિ,
એ તો સમભાવથી સહેનારો–
મહા અભિગ્રહી આદર્શ સાધુઃ

* * *

આશા ને હર્ષના સંદેશા
એની મુખાકૃતિમાં ભર્યા છે.
પ્રગતિ ને પવિત્રતાના પાઠો

જેનાં જીવનપૃષ્ઠોમાં પડયા છે તે આદર્શ સાધુ.

* * *

અસામાન્ય જીવનઝરો.

એ ‘ આદર્શ સાધુ ’ નો ઇતિહાસ છે,
અદ્ભૂત જીવન બગીચો
એ તેને વિહરવાની ‘ ભૂગોળ ’ છેઃ
પ્રતાપી આત્માનું તેજ
એ જેનું ‘ હીપ્નોટીઝમ ’ છે,
ને માનસિક ખજાનાથી સારીય
સૃષ્ટિને જે સમૃદ્ધ કરી શકે છે
તે આદર્શ સાધુઃ

* * *

અનંત જ્ઞાન, દર્શન ને ચારિત્રનો
પોતાને ‘ સ્વામી ’ માને તે આદર્શ સાધુઃ

* * *

વૈરાગ્યના નામે ‘ વેરાગીપણું ’ જે સજે
અહિંસાના નામે ‘ કાયરતા ’ને ન સંઘરે,
આધ્યાત્મિકતાના નામે બગલાવૃત્તિને ન પોષે,
ને પ્રભુને નામે પાખંડને ન પૂજે;

તે આદર્શ સાધુ !

*　　　*　　　*

જેની હાજરીમાં ગાવાનું ઘેન ચડે,
એનાં મુખદર્શનથી હ્રદયમાં સંગીત સ્ફુરે.
પણ ગાયું–ગાઈ શકાય નહિં,
કે સંગીતને છેડી શકાય નહિં,
તે આદર્શ સાધુઃ

*　　　*　　　*

' આદર્શ સાધુઃ
Passive નિષ્ક્રિય જીવનમાંથી નીકળી
Active ક્રિયાકારક ' સામાયક ' માં રમણ કરે,
સ્થિતિ ચુસ્તતામાંથી પોતાને ઉપાડી લઈ
' ઝરા 'નાં ઝરણ માફક વહે !

*　　　*　　　*

અગાધ શાંતિમાંથી જે
Voice of Dibinity દિવ્યતાનો
ઘેરો અવાજ ઝીલે છે.
કુદરતનાં તત્ત્વોથી ભરપુર

પોતાના ' આદર્શ જીવન 'માંથી જ
યુગયુગ સુધી વંચાય તેવાં ' શાસ્ત્રો ' ને
જન્માવે છે.
Show દેખાવ—બાહ્ય દેખાવ
જેની પ્રકૃતિમાં નથી.
અંદર અંદરનું ગુપ્ત પ્રસ્થાન
એ જેનાં ચડતા આત્માનું વહેણ છે
તે આદર્શ સાધુઃ

* * *

' આદર્શ સાધુ '
અભિમાનથી નહિં, તુચ્છતાથી નહિં,
પણ ભવ્ય ભાવનાથી
પોતાને ભવ્યતાનો અધિકાર માને !
અને એવી નિર્દોષ ભવ્ય ભાવનાથી
મહાપદને વરે !

* * *

તેના આત્માના નિર્મળ સંસ્કારો
પવિત્ર ભાવનાઓ ને વિશુદ્ધ મનોદશા
તેની ગેરહાજરીમાં પણ વાતાવરણમાં રમે,

હવાનાં અણુએ અણુમાં જીવી રહે!

*   *   *

જેને કોઇ સ્થળે ખેંચાવાનું ન હોય,
પણ પોતાના સાધુ જીવનની પ્રતિભા,
વીરતા, પવિત્રતા, શક્તિ ને આત્માની
'મોહિની' જ જગતને પોતાની તરફ ખેંચે!
'વાડાવાડી' કે ધર્મ-સંપ્રદાયના ભેદ વગર જ્યાં
સૌ સ્વાભાવિક લોહચુંબક પાસે ખેંચાઇ આવે,
તે આદર્શ સાધુઃ

*   *   *

સંસારની સર્વે શક્તિ, ને સમૃદ્ધિ
ચક્રવર્તિંઓનાં વૈભવ વિલાસ ને ઋદ્ધિસિદ્ધિ
પણ જેનાં બળવાન ચારિત્રનાં પ્રભાવ
કે માનસિક ખજાના પાસે તુચ્છ ભાસે!
જેનાં પગની રજ પણ દુનિયાને
સાચું દેવમંદિર બનાવે તેવી પવિત્ર હોય,
અને જેનાં સાધુજીવનની સમાપ્તિ
રંજનકતી નીવડે,

વર્તમાનને દીપાવે, ભૂતનાં પટ પર
અનેક સુખદ ને મીઠી યાદગીરીઓના
લીસોટા કરતું જાય !
અને જગતની રેતલ 'સુસ્ત' પર
આનંદની મધુરી ફરફર ઉડાડતું જાય,
તે આદર્શ સાધુ:

* * *

Spiritual Strength આત્મબળ
એ જેનાં મોક્ષનું પહેલું સાધન છે,
'આત્મ સ્વાતંત્ર્ય' મંદિરનાં પાયાઓમાં
પૂરવાની એ જ પ્રથમ ને વહાલી વસ્તુ છે:
'નિયમોનું પાલન' એ જેના
મોક્ષનાં ચડતાં ઉતરતાં પગથીઆં છે,
ધારેલા ધ્યેય પર પહોંચવા
મૂંગું મંથન માંડવું એ અચળ 'ધ્યાન' છે
તે આદર્શ સાધુ:

* * *

"મોક્ષને મેળવનાર પોતે જ છે,
'પોતા' સિવાય પરની સહાય નકામી છે;

અને પોતે જ મોક્ષનો ધણી છે."
આવું સમજે, હરનિશ ચિંતવે,
ને મોક્ષને મેળવવા યત્ન કરે તે આદર્શ સાધુ !

* * *

## 'આદર્શ સાધુ'નાં અંચળા પર

સંધ્યાનાં રંગ કદી ઉતરે જ નહિં,
ત્યાં તો પ્રભાતનાં ખીલતાં
તાજાં ને ખૂશનુમા કિરણો રમે,
કિરણે કિરણે એ
મુક્તિની પ્યાસને જગાવે,
માનવતાનાં મોલ પકાવે !
પહેલાં 'જનત્વ'ની ખીલવણી કરે,
પછી 'સાધુત્વ'ના રંગથી ઓપે,
ને 'યોગી'નાં ધ્યાનથી
આત્મા–પરમાત્માના દીર્ઘ ચિંતનમાં
બહારની સકળ જંજાળોને ફેંકી દઇ
અંદરમાં 'ડૂબી' રહે !
'પ્રીલ્સુફ'ની 'મસ્તી' માણે,
અનંતની સાથે સંપૂર્ણ તાદાત્મ્ય સાધે,

અને તેજ-તેજ, ને તેજમય થઇ
સિદ્ધશિલામાં બેઠેલા
સિદ્ધોનાં પ્રકાશમાં જઈ મળે,—
પ્રકાશમાં પ્રકાશ થઈને તગતગ્યા કરે—
તે આદર્શ સાધુઃ સિદ્ધ આત્મા !
વંદનીય સિદ્ધ આત્મા !

*　　*　　*

અનંત શાંતિની શોધમાં

જે આત્મા હરનિશ ભમ્યા કરે,
પળેપળની શાંતિનું 'રેકોર્ડ' રાખે,
ક્ષણેક્ષણની શાંતિનો સરવાળો કરે,
'ચેતન' ને 'પ્રકાશ'ની 'લીફ્ટ'માં ઉડે,
જ્ઞાન ને દર્શનનાં, તેજથી તપે,
અને 'કલ્યાણ ભાવ'ની અમૃત પ્યાલી પીઇને
કલ્યાણનાં જ મેઘ વરસાવી
આકાશમાર્ગે ઉડી જાય !
તે આદર્શ સાધુઃ

*　　*　　*

## આદર્શ સાધુ

એ તો આકાશી પંખી :
ગગનમાં વિહરતો
પાંખાળો વિદ્યાધર !
એવાના
અવતાર અવનિને ઉજાળે,
એવા આત્માનો સ્પર્શેય
પૃથ્વીને પવિત્ર કરે !

* * *

ધન્ય હો ! ધન્ય હો !
જેણે આવું ભવ્ય દર્શન કર્યું છે
તેમને ય ધન્ય હો !
જગત આખું એવા
પુણ્યશાળીનાં તપતેજ પર
જીવી રહ્યું છે.
એવાનાં મિલન માટે જ
આજે અહોનિશ ઝંખી રહ્યું છે:

* * *

**સાં**ભળો ! દૂર દૂરથી અવાજ આવે છે.

સાધુના સાત્વિક આત્મામાંથી

એ સંગીન સૂરો સંભળાય છેઃ

ઝીલો, ઝીલો ! ઝીલાય તેટલું:

"**शिवमस्तु सर्व जगत :**"

સુંદરમ્ ! સુખદાયી ! કલ્યાણમ્ઃ કલ્યાણમ્

**ॐ अर्हम्**

સંપૂર્ણ.

## સદ્‌ગૃહસ્થો !

કાર્યાલયનો વાર્ષિક રીપોર્ટ આપને મળ્યો હશે. અમને વિશ્વાસ છે કે રીપોર્ટ વાંચવાથી કાર્યાલય પરત્વે આપને સંતોષ ઉત્પન્ન થયો હશે. જૈન સમાજની યત્કિંચિત્ સાહિત્યસેવા બજાવતું આ પ્રકાશનખાતુ આપના તરફથી દરેક પ્રકારની મદદ ઇચ્છે છે. આપની ફરજ એ છે કે પહેલી તકેજ તેના સાહિત્યનો સ્વિકાર કરી મેમ્બરોના લિસ્ટમાં નામ નોંધાવશો.

બીજું વર્ષ શરૂ થયું છે. તેનું પ્રથમ પુસ્તક ‘ આદર્શ સાધુ ’ આપના હસ્તમાં છે. આપની શ્રમભરી કમાણીનો સદ્વ્યય, આ સંસ્થાદ્વારા કરશોજ એટલું ઇચ્છીશું.

**પુસ્તકના પ્રકાશનમાં દરેકને સગવડ કરી આપીએ છીએ.**

લખોઃ—

શ્રી જૈન સસ્તું સાહિત્યપ્રચારક કાર્યાલય

કલોલ.